॥ अर्हम् ॥

# જૈનદર્શનમાં માંસાહાર

ની

# ભ્ર મ ણા

: લેખક :

આચાર્ય મહારાજ

શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી

( 'શ્રી જૈન સત્ય પ્રકાશ'માં પ્રગટ થયેલ લેખ )

માહ

૧ ૯ ૯ ૫

# જૈનદર્શનમાં માંસાહારની ભ્રમણા

યાને

# [ ગોપાલદાસ જીવાભાઈ પટેલના લેખનો જવાબ ]

લેખક—**આચાર્ય મહારાજા શ્રી વિજયલાવણ્યસૂરિજી**

અહિંસા શિખરીના ઉત્તુંગ શિખરે વિલસતા જૈનદર્શનમાં માંસાહારને સ્થાન ન હોય, એ વિષયને લગતી અમારી લેખમાલા 'જૈન સત્ય પ્રકાશ'માં ચાલતી હતી. એ દરમિયાન એક મહાશય તરફથી "પ્રસ્થાન" પત્રના વર્ષ ૧૪, અંક ૧ ની એક નકલ અમને મોકલવામાં આવી, સાથોસાથ વિનવવામાં આવ્યું જે પ્રસ્તુત અંકમાં મુદ્રિત થએલ ગોપાલદાસ જીવાભાઈ પટેલનો લેખ જૈનદર્શનને અશ્લીલ રૂપમાં ચીતરે છે, આપ આનો ઉચિત જવાબ આપશો.

પ્રસ્તુત લેખ જોયો. એની રચના વિચિત્ર અવયવોથી યોજાએલી હતી. આવા લેખથી ભદ્રિક જનતા વિપરીત વિચારણામાં ન પડે એવી વિચારણાથી જવાબ આપવા ચિત્ત પ્રેરાયું. યદ્યપિ પ્રસ્તુત લેખના પ્રતીકારરૂપ કતિપય વિચારો અમારી "સમીક્ષાભ્રમા-વિષ્કરણ" શીર્ષક લેખમાળામાં આવી ગયા છે અને અવશિષ્ટ પણ તે તે પ્રસંગે આવવાના હતા, છતાં કાલવિલંબ અને પ્રકીર્ણકતાને અંગે તાત્કાલિક આનો અલગ જવાબ આપવો ઉચિત સમજાયો. લેખકનાં વચનો ટાંક્યા સિવાય કેવળ તેનો જવાબ વાચકવૃંદને ઉભડક જેવો લાગે તેની ખાતર ઉપયુક્ત સ્થલે લેખકનાં વચનો મૂકી જવાબ આપીશું. લેખકનાં વચનો—

"સામાન્ય રીતે જોતાં જૈનધર્મે પોતાના ઉદય પછીના સમયમાં વનસ્પત્યાહારના પ્રચારમાં એવો અગત્યનો ભાગ ભજવ્યો છે, કે જૈનધર્મગ્રંથોમાં જૈનસાધુઓ કે જૈન-ધર્મના સંસ્થાપક મહાવીરસ્વામી માંસભિક્ષા કરતા એવો ઉલ્લેખ આવતાં જ એકદમ તો ખચવાય. પરંતુ પ્રાચીન જૈન ટીકાકારો કે જેમને તે જમાના સાથે અથવા તે જમાનાની પરંપરાઓ સાથે આપણા કરતાં વધુ પરિચય હોવો સંભવે છે, તેઓ પણ માંસ શબ્દનો અર્થ માંસ જ અને માછલી શબ્દનો અર્થ માછલી જ કરે તો પછી સામાન્ય અનુવાદકને તો વધુ વિચારવાનું રહે જ નહિ, એટલે જે જે સ્થલે કોઇ પણ પ્રાચીન ટીકાકારે માંસ શબ્દનો અર્થ માંસ જ કર્યો હોય એવું માલુમ પડે તે તે સ્થલે 'શ્રી પુંજાભાઇ જૈન ગ્રંથમાલા' ના પુસ્તકોમાં માંસનો અર્થ માંસ જ કરેલ છે."

ઉપરના કથનમાંથી નીચે પ્રમાણે સારાંશો તરી આવે છે—

૧ જૈનધર્મે પોતાના ઉદયકાલમાં વનસ્પત્યાહારના પ્રચારમાં અગત્યનો ભાગ ભજવ્યો ન હતો.

૨ જૈનધર્મે પોતાનો ઉદય થયા બાદ ઘણા સમયે એટલે કે માંસ અર્થ કાયમ રાખનાર ટીકાકારોના કાલ બાદ વનસ્પત્યાહારના પ્રચારમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.

૩ વનસ્પત્યાહારમાં અગત્યનો ભાગ ભજવાયા પહેલાં, જૈનોમાં માંસાહાર છુટથી થતો હતો, અને તેનો પ્રતિબંધ ન હતો.

૪ પ્રભુ મહાવીરે માંસાહાર કર્યો હતો.

૫ પ્રાચીન ટીકાકારે માંસ શબ્દનો અર્થ માંસ જ અને માછલી શબ્દનો અર્થ માછલી જ કરેલ છે.

૬ પ્રાચીન ટીકાકારે ભલે વનસ્પતિ અર્થ કર્યો હોય, છતાં પણ કોઇક પ્રાચીન ટીકાકારની ટીકામાંથી માંસ અર્થ મળી શકતો હોય તો તે જ અમે કાયમ રાખેલ છે.

**પ્રથમ સારાંશનો જવાબ**—જૈનદર્શન એ નિવૃત્તિપ્રધાન અજોડ દર્શન છે, જેનું અણાહારી પદ-મોક્ષ-એ અવિસ્મરણીય લક્ષ્ય છે. આ દર્શન કદાપિ કોઇ પણ પ્રકારના આહારપ્રચારમાં અગ્ર ભાગ ભજવી શકે જ નહિ. પરંતુ જેઓ આહાર સિવાય રહી શકતા નથી, તેઓ આહાર તો જરૂર લેશે. આ આહાર અવ્યવસ્થિત રીતે જો લેવાય તો મહાહિંસામય આહાર લઇ દુર્ગતિના ભાગી બની જાય, આવી પરિસ્થિતિમાં દુર્ગતિથી બચાવવા પૂરતું જણાવી શકે છે કે વનસ્પતિનો નિરવદ્ય આહાર મળી શકે છે, તેનાથી નિર્વાહ કરી આગળ વધશો નહિં. એવી જાતનો ઉપદેશ જૈનધર્મે પોતાના ઉદય સમયે જતો કર્યો નથી. એટલું જ નહિ પણ જોરશોરથી ચાલુ રાખેલ છે.

વર્તમાન શાસનમાં જૈનધર્મનો ઉદયકાળ પરમાત્મા મહાવીરનો સમય હતો. જ્યારે પ્રભુ મહાવીર, પ્રજ્ઞાસમુદ્ર ગણધર ભગવન્તો, ચૌદ હજાર શ્રમણો, છત્રીસ હજાર શ્રમણીઓ, પ્રતિમાધારી આનન્દ પ્રમુખ શ્રમણોપાસકો અને સુલભા પ્રમુખ શ્રમણોપાસિકાઓ અનેક લક્ષ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવતાં હતાં. એ સમયના આગમમાં ઉપર જણાવેલ ઉપદેશ અખૂટ ભર્યો હતો, જે વિદ્યમાન આગમમાં સ્પષ્ટ જોઇ શકાય છે.

**દ્વિતીય સારાંશનો જવાબ**—જનધર્મે પોતાના ઉદય સમયે જે ઉપદેશ વરસાવ્યો અને ગુંથ્યો તેનાથી અધિક ઉપદેશ અદ્યાવદિ કોઈ પણ વરસાવવા કે ગુંથવા સમર્થ થયેલ નથી. કારણકે તીર્થંકર દેવ જેવા જ્ઞાનદિવાકર દ્વાદશાંગીના ઉપદેશક હતા, અને સર્વાક્ષરસન્નિપાતી ગણધર ભગવન્ત જેવા શ્રુતકેવલી ગુંથનહાર હતા.

**તૃતીય સારાંશનો જવાબ**—લેખકના અભિપ્રાય પ્રમાણે વનસ્પત્યાહારના પ્રચારમાં અગત્યનો ભાગ ભજવાયા પહેલાંનો કાળ પ્રભુ મહાવીરથી માંડીને વિવાદગ્રસ્ત પાઠોના આદ્ય ટીકાકાર સુધીનો સહેજે કહી શકાય. આ કાળમાં જૈનોમાં માંસાહાર છુટથી થતો હતો, અને પ્રતિબંધ ન હતો આવું જે લખવું યા સૂચવવું તે નિબિડ અજ્ઞતાને આભારી છે. પ્રભુ મહાવીરના કૈવલ્ય જીવનથી જીવન્ત દશામાં વર્તતા, તે કાલ સુધીના ઠાણાંગાદિ અનેક આગમોમાં માંસાહારને પુનઃ પુનઃ ધિક્કારી નરકાદિ ઘોર દુઃખના સાધન તરીકે વર્ણવેલ છે. આ હકીકત વિદ્યમાન આગમમાંથી દીવા જેવી જોઈ શકાય તેમ છે.

**ચતુર્થ સારાંશનો જવાબ**—ભગવાન મહાવીર કે જેઓ ધીર, વીર, ગમ્ભીર, દયાના સાગર, ઘોર તપસ્વી, નિડર અને અનેક નિરવદ્ય ઔષધના જ્ઞાતા હતા. અને ધર્મને માટે કોઇની પણ પરવા ન રાખતા, તેઓ માંસાહાર કરી શકે જ નહિ અને કરેલ પણ નથી. આ વિષયમાં લેખકને પણ એક જ પાઠ મળેલ છે, વધારે મળી શકવાના

નથી, અને જે પાઠ તેમને મળેલ છે તેમાં પણ અન્ય જ વસ્તુ છે, જે અમો આગળ સવિસ્તર બતાવીશું.

**પંચમ સારાંશનો જવાબ**—મૂલ પાઠમા માંસ અને માછલી શબ્દ જ નથી. કિંતુ **मंसं** યા **मंसयं, मच्छं** યા **मच्छयं** શબ્દ છે, છતાં માંસ અને માછલી શબ્દ લખવાનું જે સાહસ તે તેમની માંસાહાર સિદ્ધ કરવાની ઉત્કટ મનોભાવાનાનું જ પરિણામ છે. પ્રાચીન ટીકાકાર મહારાજે ઉપરના શબ્દોનો માંસ જ અને માછલી જ અર્થ કરેલ છે એવું જે લખવું તે અલ્પજ્ઞતા યા મતાગ્રહને આભારી છે.

વિદ્યમાન જૈન સાહિત્યમાં સૌથી પ્રાચીન આગમ ટીકા ઉપલબ્ધ થતી હોય તો શ્રી હરિભદ્રસૂરિમહારાજની છે. તેઓ પણ પોતાથી પ્રાચીન ટીકાકારના વિચાર જણાવતાં ફળ વિશેષ અર્થ જણાવે છે. જુઓ તેમનાં વચનો—

**"अन्ये त्वभिदधति वनस्पत्यधिकारात् तथाविधफलाभिधाने तथा चाह......"**

**અર્થ**—અન્ય-બીજાઓ-પ્રાચીન ટીકાકારો વનસ્પત્યધિકારનો આ પાઠ હોવાથી તથાવિધ ફળો લેવાનાં છે એમ જણાવે છે.

કદાચ એમ કહેવામાં આવે કે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પણ તે અર્થને કેમ વળગી ન રહ્યા? આના જવાબમાં જણાવવાનું જે આ અર્થ શ્રી હરિભદ્રસૂરિ મહારાજને અમાન્ય તો નથી જ, કારણ કે તેનું ખંડન કર્યું નથી તેમજ બહુમાનસૂચક બહુવચનગર્ભિત **अन्ये** શબ્દનો પ્રયોગ કરેલ છે. હરિભદ્રસૂરિમહારાજે પ્રસિદ્ધ અર્થ જે કાયમ રાખ્યો તેનું કારણ એમ સમજાય છે કે **"ऋजुमार्गेणि सिध्यन्तं को हि वक्रेण साधयेत्"** એ કથનને અનુસાર ઉત્સર્ગાપવાદની ફુલગુંથણી સામે રાખી પોતાના વિવેચન તરીકે પ્રસિદ્ધ અર્થ જણાવે છે. આ જણાવવાથી બીજો અર્થ માર્યો ન જાય તેને માટે **अन्ये** કહી તે પણ બતાવી આપે છે. આ ઉત્સર્ગાપવાદની ફુલગુંથણીમાં અદ્યાવધિ અનેક લેખકો ભૂલાવામાં પડી ચૂકયા છે. ઉત્સર્ગાપવાદની ફુલગુંથણીનો કાંઇક ચિતાર અમારી 'સમીક્ષાભ્રમાવિષ્કરણ' શીર્ષક લેખમાળામાં પ્રથમ આવી ગયેલ છે. તે સ્થળ જોવા અમો પુનઃ પુનઃ સૂચવીએ છીએ.

**ષષ્ઠસારાંશનો જવાબ**—લેખક પોતાના શબ્દોમાં જણાવે છે કે જે સ્થળે કોઈ પણ પ્રાચીન ટીકાકારે માંસ જ અર્થ કરેલ હોય તે સ્થળે તે જ અર્થ અમે કાયમ રાખેલ છે. હવે આ સ્થલમાં લેખકને પૂછવામાં આવે છે કે 'કોઈ પણ પ્રાચીન ટીકાકાર એટલે શું?'

૧ અનેક પ્રાચીન ટીકાકારમાંથી મનગમતા એક પ્રાચીન ટીકાકાર?

૨ અનેક ટીકાકારમાંથી સૌથી પ્રાચીન હોય તે ટીકાકાર?

૩ એક જ જે પ્રાચીન ટીકાકાર હોય તે?

આમાંથી પ્રથમ અર્થ સ્વીકારવામાં આવે તો આપોઆપ વાત નકકી થઈ જાય છે. અન્ય પ્રાચીન ટીકાકારો વનસ્પતિ અર્થ બતાવે છે તેનો અનાદર કરવામાં અને અમુકને જ માનવામાં લેખકનો શો મુદ્દો સમાયેલ છે તે જાણવાનું બાકી રહે છે. માંસાહાર સિદ્ધ થતો બંધ થઇ જાય એ તો નહિ હોય?

બીજો અર્થ સ્વીકારવામાં આવે તો સૌથી પ્રાચીન ઉપલબ્ધ ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિ મહારાજ છે. અને તેમના કરતાં પણ જે પ્રાચીન ટીકાકાર છે તેમનાં વચનો હરિભદ્રસૂરિ મહારાજ પોતે જ પોતાની ટીકામાં મૂકે છે. તે સ્પષ્ટ જણાવે છે કે આનો અર્થ અમુક જાતનાં ફળો સમજવો.

ત્રીજો અર્થ સ્વીકારવામાં આવે તો, જ્યાં એ ટીકાકારનાં વચનો હશે ત્યાં શું કરશો ? અથવા જ્યાં એક જ ટીકાકારે એ રીતે વ્યાખ્યાન કર્યાં હશે ત્યાં શું કરશો ?

વસ્તુતઃ ધાર્મિક ગ્રન્થ હોવાથી, સાધુના આચારને લગતું વર્ણન હોવાથી, વનસ્પત્યાદિનું પ્રકરણ ચાલતું હોવાથી, અમુક જાતનાં ફળો યા અમુક જાતની વનસ્પતિ લેવી તે જ રાજમાર્ગ છે. ક્વચિત્ ટીકાકારોએ આબાલગોપાલ પ્રસિદ્ધ અર્થ જે જણાવેલ છે તે પણ બાહ્યોપભોગાદિકને અર્થે ઉત્સર્ગાપવાદની મર્યાદાને આશ્રીને છે.

આગળ ચાલતાં લેખક, પ્રભુ મહાવીરનો માંસાહાર સાબીત કરવા ભગવતી સૂત્રને સામે રાખી ગોશાલાને પ્રભુ મહાવીર જેવો જણાવવા માંગે છે, એટલું જ નહિ પરંતુ તેથી પણ વિશેષ સ્થાન આપે છે. જુઓ લેખકનાં વચનો—

"શ્રીમદ્ ભગવતી સૂત્રના પંદરમા શતકમાં આજીવિક પંથના તીર્થંકર ગોશાલક સાથે જૈનતીર્થંકર મહાવીરને થયેલા ઝગડાની સુવિસ્તૃત કથા છે. આજીવિકા સમ્પ્રદાય પણ તે જમાનમાં જૈન બૌદ્ધ કે બ્રાહ્મણ પંથો જેટલું જ મહત્ત્વનું સ્થાન ભોગવતો હતો. એ વસ્તુની કલ્પના બૌદ્ધ સમ્રાટ્ અશોકે આજીવિક સાધુઓને ગુફાઓ અર્પણ કર્યાના ત્રણ શિલાલેખો મળી આવ્યા છે, તે ઉપરથી આવશે. જૈન ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે આજીવિક સાધુઓ ઊગ્ર અને ઘોર તપો કરતા તથા જીભની લોલુપતા છોડી ઘી તેલાદિ રસો વિનાનો ગમે તેવો ખોરાક નિરપેક્ષપણે ખાઇ લેતા. બૌદ્ધ ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે ગોશાલક પણ મહાવીરની પેઠે જ નગ્ન રહીને ટાઢ તડકો સહન કરતો. ગોશાળકને વિશિષ્ટ તપ કરવાથી પોતાના શરીરમાંથી તેજોલેશ્યા–તેજનો ગોળો બહાર કાઢી સામા માણસ પર ફેંકીને તેને બાળી નાખવાનું સામર્થ્ય-પ્રાપ્ત થયું હતું. એ વસ્તુ તો ભગવતી સૂત્ર પણ સ્વીકારે છે. શરૂઆતમાં ગોશાલક તથા મહાવીર સાથે પણ રહ્યા હતા, પરંતુ પછીથી જુદા પડી ગયા હતા. ગોશાલકને મહાવીરની પહેલાં જિનપદ પ્રાપ્ત થયું હતું, અને પોતાના શિષ્ય સમુદાય સાથે જુદો ફરવા લાગ્યો હતો. મહાવીર પણ તેના પછીથી થોડા વર્ષે જિનપદ પ્રાપ્ત કરી શિષ્ય સમુદાય સાથે વિચરવા લાગ્યા. પરંતુ તે બંનેને એક બીજાની જિનપદ પ્રાપ્તિ વિષે અતિસ્પષ્ટ શંકા હતી. અને તે વસ્તુ જ તે બંનેના વિરોધનું મૂળ બની."

ઉપરના કથનમાંથી નીચે પ્રમાણે સારાંશો તરી આવે છે--

૧ ગોશાલક આજીવિક મતનો તીર્થંકર હતો.

૨ મહાવીરસ્વામીને ગોશાલક સાથે ઝગડો થયાની કથા ભગવતી સૂત્રના પંદરમા શતકમાં છે.

૩ આજીવિક સમ્પ્રદાય જૈન બૌદ્ધ કે બ્રાહ્મણ પંથ જેટલું જ મહત્ત્વનું સ્થાન ભોગવતો હતો. કારણ કે બૌદ્ધ સમ્રાટ્ અશોકે આજીવિક સાધુઓને ગુફાઓ અર્પણ કર્યાના ત્રણ શિલાલેખો મળી આવ્યા છે. તથા જૈન ગ્રંથમાં આજીવિક સાધુના તપનું

વર્ણન આવે છે. તથા બૌદ્ધ ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે ગોશાલક મહાવીરની જેમજ અવસ્ત્ર રહી ટાઢ તડકો સહન કરતો હતો.

૪ તેજોલેશ્યા–એટલે પોતાના શરીરમાંથી તેજનો ગોળો બહાર કાઢી સામા પર ફેંકી તેને બાળી દેવાનું સામર્થ્ય.

૫ શરૂઆતમાં ગોશાલક તથા મહાવીર સાથે રહ્યા હતા.

૬ ગોશાલક મહાવીર પહેલાં જિન થયો હતો, અને મહાવીર પાછલથી જિન થયા હતા.

૭ મહાવીર પ્રભુને ગોશાલકના જિનપદમાં અને ગોશાલકને પ્રભુ મહાવીરના જિન પદમાં ખુલ્લે ખુલ્લી શંકા હતી.

**પ્રથમ સારાંશનો જવાબ**—તીર્થંકર એ, જૈનોનો ગુણુ નિષ્પન્ન શબ્દ છે. એનો અર્થ એવો થાય છે કે જે તીર્થની સ્થાપના કરે તે તીર્થંકર કહેવાય. હવે તીર્થ એટલે શું તે જાણવાનું બાકી રહે છે. આ બાબતમાં મહાપુરૂષો આ પ્રમાણે જણાવે છે. જેનાથી ભવસમુદ્ર તરી શકાય તે તીર્થ કહેવાય છે. આવી વસ્તુ કઈ હોઈ શકે ? જિનપ્રવચન. આ પ્રવચન નિરાધાર રહી શકતું નથી માટે તેના આધારભૂત પ્રથમગણુધર યા ચતુર્વિધ સંઘ પણ તીર્થ કહેવાય. આ રીતે બનેલા તીર્થંકર નામને પરમાત્મા મહાવીરે યથાર્થ કરી બતાવ્યું હતું. પરંતુ ગોશાલક તીર્થંકર હતો એવો એક પણ ઉલ્લેખ જૈન સાહિત્ય આપી શકતું નથી. ઇતર સાહિત્ય જો આપી શકતું હોય તો તે વાત મૂલ પાઠ સાથે બહાર પાડવાની લેખકને જરૂરત છે. તથા ભગવતીજીમાં ગોશાલને પોતાના માટે જે જિન શબ્દ વાપર્યો હતો તે પણ ખોટો છે, એમ પ્રભુ મહાવીરે કહ્યું હતું. અને ગોશાલકે પણ પ્રાન્તે આજીવિક સમુદાય સમક્ષ કબુલ કર્યું હતું.

આજીવિક મતના તીર્થંકર થવાનું તો બાજુ પર રહો, પરંતુ આજીવિક મતના આદ્ય સંસ્થાપક તરીકેનો ગોશાલાના જીવનમાં પ્રકાશ પાડતો એક પણ ઉલ્લેખ લેખક આપી શકેલ નથી. પાશ્ચાત્ય વિદ્વાનો પણ બૌદ્ધના 'મજ્ઝિમનિકાય' નામના ગ્રંથને આધારે માને છે કે નન્દવચ્છ કિસસંકિચ્ચ, ગોશાલકની પહેલાંના આજીવિકા મતના ગુરૂ હતા. તથા ભગવતી સૂત્રમાં પણ આજીવિક સમયથી આત્માને ભાવનાર તરીકે ગોશાલાને ઓળખાવેલ છે, પરંતુ આજીવિક મતના સ્થાપક તરીકે નહિ. આ બાબતમાં હાલ એટલું કહી શકાય કે ગોશાલકે આજીવિક મતના ગુરૂ તરીકેનો ભાગ ભજવ્યો હતો. અત એવ આજીવિક–એટલે ગોશાલક શિષ્ય કહી શકાય, પણ ગોશાલક શિષ્ય હોય તે જ આજીવિક છે તેમ નહિ. આજીવિક શબ્દનો અર્થ ગોશાલક શિષ્ય સિવાયનો પણ છે એ વાત ભગવતી ટીકાકાર સ્પષ્ટ જણાવે છે. જુઓ તેમનાં વચનો—

**आजीविका नाग्न्यधारिणो भिक्षुविशेषाः, गोशालकशिष्या इत्यन्ये ।**

અર્થ—નગ્ન ફરનાર એક જાતના ભિક્ષુકો આજીવિક કહેવાય છે. અન્ય ગોશાલકના શિષ્ય એવો અર્થ કરે છે.

**દ્વિતીય સારાંશનો જવાબ**—ગોશાલકને પ્રભુ મહાવીર સાથે ઝગડો થયો હતો એમ નહિ લખતાં પ્રભુ મહાવીરને ગોશાલા સાથે ઝગડો થયો હતો એમ લખી, પ્રસ્તુત ઝગડામાં અગ્ર ભાગ ભજવવાનું સ્થાન પ્રભુ મહાવીરને સમર્પણ કરવા લેખક

પ્રેરાયેલ છે તે ખરેખર પ્રભુ મહાવીર પ્રત્યેની તેમની વિષમ મનોભાવનાને આભારી છે.

વસ્તુતઃ સત્ય શું છે એમ પૂછવામાં આવતાં તેને જણાવવા પ્રભુ મહાવીરનો પ્રયાસ હતો. જ્યારે પોતે કરેલી જિન તરીકેની પ્રસિદ્ધિ કેમ ટકાવી રાખવી તેને માટે ગોશાલકનો પ્રયાસ હતો. આ વિષયમાં ભગવતીજીનું પંદરમું શતક શું કહે છે તે અમો આગળ બતલાવીશું.

**તૃતીય સારાંશનો જવાબ**—લેખકના લખવા પ્રમાણે જે અશોક રાજા આજીવિક મતનો નથી, જેના માનસે બૌદ્ધધર્મને મહત્ત્વનું સ્થાન આપ્યું છે, તે અશોક આજીવિક મતને તેના જ જેટલું મહત્ત્વનું સ્થાન આપી ગુફાઓ કઈ રીતે આપી શકે? કિન્તુ અન્ય કોઇ નિમિત્તથી આપેલ હોય. નૃપતિઓ કોઈ પણ વ્યક્તિ યા સમૂહને કારણ વિશેષથી સ્થાન સમર્પી પટ્ટા કરી આપે તેથી તે વ્યક્તિ યા સમૂહ તે કાલના અન્ય ધર્મો જેટલું જ મહત્ત્વનું સ્થાન ભોગવતો હતો એમ માની લેવું ઠીક નથી. આજીવિક મત જો જૈન, બૌદ્ધ યા બ્રાહ્મણ ધર્મ જેટલું મહત્ત્વનું સ્થાન ભોગવતો હોત તો આજે નામશેષ નહિ થતાં જૈન, બૌદ્ધ યા બ્રાહ્મણ ધર્મની જેમ અસ્તિત્વમાં હોત. તથા આજીવિક મતના ઉપાસક તરીકે પ્રતિષ્ઠિત વ્યકિતના ઉલ્લેખ નહિ મળતાં પુનઃ પુનઃ હાલા હાલા નામની કુંભારણનું નામ ભગવતીજીમાં આવે છે. તેને ત્યાં ગોશાલક રહ્યો હતો અને આજીવિક સંપ્રદાય પણ ત્યાં પુનઃ પુનઃ એકત્રિત થતો હતો. આ ઉપરથી પણ સમજી શકાય તેમ છે કે આજીવિક મત કેટલે દરજ્જે પહોંચેલો હશે. હવે આપણે આજીવિક શબ્દની વ્યુત્પત્તિ તરફ ધ્યાન આપીએ. આજીવિક–એટલે અમુક પ્રકારે આજીવિકા ચલાવનાર વ્યકિત વિશેષ. આજીવિકા તો જગતમાં સહુ કોઇ અમુક અમુક પ્રકારે ચલાવે જ છે. તો પછી આમાં વિશેષ શું? આને માટે કહી શકાય કે શુભાશુભ નિમિત્તાદિ બતલાવીને જે આજીવિકા ચલાવે તે આજીવિક કહેવાય. જ્યારે વિશિષ્ટ આધ્યાત્મિક ગુણોને જણાવનાર જૈન શબ્દ જૈનધર્મ સાથે જોડાય છે ત્યારે ઉપર જણાવેલ અર્થવાળો આજીવિક શબ્દ જે મતની સાથે જોડાયેલ છે, તે મતનું તત્ત્વ દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન કેટલું હોય તે પણ સમજી શકાય તેમ છે. તથા પરિગ્રહના પરિહારી, વાયુવત્ વિહારી જે મુનિગણ તેના સભ્ય તરીકેનો દાવો ધરાવનાર ભિક્ષુઓને ગુફાઓનો નિયત વાસ અને તેના પોતાના નામે પટ્ટાઓ શા માટે? આ શિલાલેખો જ બતાવે છે કે આજીવિક સાધુઓ પરિગ્રહત્યાગમાં જ્ઞાનદૃષ્ટિએ કેટલે સુધી પહોંચ્યા હતા.

જૈન ગ્રંથમાં આજીવિક સાધુના વિશિષ્ટ તપનું વર્ણન આવે છે, માટે જૈનદર્શન જેટલું જ મહત્ત્વનું સ્થાન આજીવિક મતનું હતું એવું જે જણાવવું તે પણ વ્યાજબી નથી. આજીવિક સાધુઓના અને જૈન સાધુઓના તપમાં વિશાળ અંતર છે. જુએ આજીવિક સાધુના તપવર્ણનનો પાઠ--

**" आजीवियाणं चउव्विहे तवे पन्नते, तंजहा उग्गतवे, घोरतवे रसणिज्जूहणता, जिब्भिंदियपडिसंलीणता ॥ "**

સ્થાનાંગ સૂત્ર, સ્થાન-૪, ઉદ્દેશક–૨, સૂત્ર-૩૦૯

અર્થ--આજીવિક સાધુઓનો ચારપ્રકાર તપ છે. તે ચાર પ્રકાર આ પ્રમાણે

જાણવા, ૧. અષ્ટમાદિ ઉગ્ર તપ, ૨. આત્મનિરપેક્ષ ઘોર તપ, ૩. ઘૃતાદિરસનો ત્યાગ, અને ૪. સારાનરસા આહારમાં સમભાવ રાખવો.

જ્યારે જૈનમુનિઓનો તપ ૧૨ પ્રકારનો છે, ત્યારે ઉપરનો પાઠ આજીવિક સાધુઓને ૪ પ્રકારનો તપ જણાવે છે. આ વાતને સહકાર આપતાં જુઓ ટીકાકાર મહારાજનાં વચનો '**आर्हतानां तु द्वादशधा**' જૈન મુનિઓનો તો ૧૨ પ્રકાર તપ હોય છે. આ ઉપરથી સમજાશે કે ઉપરનો પાઠ જૈનસાધુ અને આજીવિક સાધુના તપની સમાનતા જણાવતો નથી, કિન્તુ એમ જણાવે છે કે જૈન સાધુઓ કરતાં આજીવિક સાધુઓનો તપ અલ્પ પ્રકારનો હોય છે. આ પ્રકારના પાઠ પકડીને જૈન જેટલું જ આજીવિક મતને સ્થાન આપવું તે આજીવિક મતને આગળ લાવવાના સાહસનું પરિણામ છે.

બૌદ્ધગ્રંથમાં ગોશાળો નગ્ન ફરી ટાઢ તડકા સહન કરતો એવા ઉલ્લેખો હોવાથી પ્રભુ મહાવીરની કોટીમાં તેને મૂકવો તે પણ સાહસ છે. ભલે ગોશાલક નગ્ન ફરી ટાઢ તડકો સહન કરતો હોય, પરંતુ તેની પાછળ ભાવનાનું ચક્ર જુદુ હતું અને પ્રભુ મહાવીરની પાછળ જુદુ હતું. મહત્ત્વ એ આંતરિક ગુણને અવલમ્બનારી છે. કેવળ બાહ્ય વસ્તુને જ જો અવલમ્બતી હોય તો કુતરાઓ પણ નગ્ન ફરી ટાઢ તડકો સહન કરે છે માટે તેને પણ મહત્ત્વનું સ્થાન આપવું પડશે.

લેખકને ગોશાલાની જીવનકથામાં બૌદ્ધગ્રંથ જો પ્રમાણભૂત હોય તો નીચેના બૌદ્ધગ્રંથના પુરાવા પણ લેખકે ટાંકવા જોઈતા હતા. જુઓ બૌદ્ધગ્રન્થો—અંગુત્તર નિકાયના પ્રથમ ભાગમાં મક્ખલિ વર્ગમાં નીચે પ્રમાણે છે—

"હે ભિક્ષુઓ, આ અવની ઉપર મિથ્યાદષ્ટિ જેવો બીજો કોઇ અહિતકર પાપી નથી. મિથ્યાદષ્ટિ એ સર્વ પાપોમાં શિરોમણિ છે, કારણ કે તે સદ્ધર્મથી વિમુખ રાખે છે. હે ભિક્ષુઓ, આવા મિથ્યાદષ્ટિ ઘણા છે. પણ મોઘપુરૂષ ગોશાલક જેવું અન્યનું અહિત કરનાર, હું બીજા કોઇને જોતો નથી. સમુદ્રમાંથી જાળ જેવી રીતે અનેક માછલીઓને દુઃખદાયી અહિતકર અને ઘાતક નીવડે છે, તેવી રીતે સંસારસાગરમાં મોઘપુરૂષ (ભ્રામક-ખલ પુરૂષ) ગોશાલક અનેક જીવોને ભ્રમમાં નાખીને દુઃખદાયી અને અહિતકર નીવડે છે."

મજ્ઝિમનિકાયમાં ગોશાલાના આચારના વર્ણનમાંનો થોડો ભાગ—

"સત્યક કહે છે કે હે ગૌતમ, કેટલાક માત્ર કાય ભાવનાને સેવે છે, ચિત્ત ભાવનાને નહિ. તે કોણ છે એમ બૌદ્ધે પૂછ્યું ત્યારે સત્યકે કહ્યું કે નંદવચ્છ કિસસંકિચ્ચ અને મક્ખલિ ગોશાલક આજીવિકાચાર્યો અચેલક છે, આચારમુક્ત છે. ........સત્યકે જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે બુદ્ધે પૂછ્યું કે હે સત્યક, શું તે લોકો આટલાથી જ સંતોષ પામે છે? સત્યકે જવાબમાં કહ્યું કે હે ગૌતમ, તેમ નથી. તેઓ પાછલથી ખુબ પ્રણીતરસ ભોજન જમે છે તેથી તે લોકોની કાયા બળવાન્ અને ચરબીવાલી થાય છે."

આ રીતે બૌદ્ધ ગ્રંથનાં અન્ય વર્ણન છોડી મન ગમતી કોઇક વાત લઇને તેના પર જે ઇમારત બાંધવી તેમાં બુદ્ધિ કેમ નિવાસ કરી શકે.

**ચતુર્થ સારાંશનો જવાબ**—તેજોલેસ્યાનો અર્થ લખવામાં લેખકે ગમ્ભીર ભૂલ કરી છે. શરીરમાં કોઈ તેજનો ગોળો અલગ મૂકી રાખ્યો નથી કે જેને બહાર

કાઢીને તોપના ગોળાની જેમ ફેંકે. જૈનધર્મના ઊંડા જ્ઞાનના અભાવે લેખક આ ભૂલના ભોગ બનેલા છે. તેમને તેજોલેશ્યાનું સ્વરૂપ કોઇ જૈન વિદ્વાન્ પાસે સમજવાની જરૂરત છે.

**પંચમ સારાંશનો જવાબ**—ગોશાલક પ્રભુ મહાવીરનો શિષ્યાભાસ હતો. તેનું જીવન કુતૂહલી હતું. પ્રભુના બીજા ચોમાસા બાદ તે શિષ્ય તરીકે ૭ વર્ષથી અધિક સમય સુધી પ્રભુ મહાવીરને શરણે રહ્યો હતો. આ સાથે રહેવાના સમયમાં પણ વચ્ચે વચ્ચે જૂદો પણ રહ્યો હતો. આવી પરિસ્થિતિ છતાં પણ લેખક 'શરૂઆતમાં ગોશાલક તથા મહાવીર સાથે પણ રહ્યા હતા' એમ લખી બે મિત્ર યા સમકોટીની વ્યક્તિ હોય એવું જણાવવાનું રૂપક આપે છે, તે ગોશાલકને શિખરે ચડાવવાની મનોભાવનાને આભારી છે.

**ષષ્ઠ સારાંશનો જવાબ**—ગોશાલક જિન હતો જ નહિ જે વાત પ્રભુ મહાવીરે જણાવી હતી અને ગોશાલકે પોતે કબુલ પણ કરી હતી. તો પછી ગોશાલક પ્રથમ જિન હતો કે નહિ તેની ચર્ચા કરવી તે નકામી છે. કદાચ ગોશાલકે પોતાને જિન તરીકે ઓળખાવવા જે પ્રયાસ સેવ્યો હતો તેને આશ્રીને લેખક પ્રાથમિક જિન ગણાવવા માગતા હોય તો તેમાં પણ પ્રાથમિકપણું ઘટી શકતું નથી.

પરમાત્મા મહાવીર ચારિત્ર અંગીકાર કર્યા બાદ ૧૨॥ વર્ષે જિન અને સર્વજ્ઞ થયા હતા. આ સાડા બાર વર્ષના કાળમાં શરૂઆતનાં બે ચોમાસાં ગયા બાદ ગોશાલક તેમનો શિષ્ય થયો હતો. કાલક્રમે પ્રભુ મહાવીર નવમું ચોમાસું વજ્રભૂમિમાં કરી તદુપરાંત પણ ત્યાં બે માસ વિચરી કૂર્મગામ તરફ વિહાર કરી ગયા હતા. આ સમયે પણ ગોશાલક સાથે જ હતો. રસ્તામાં તલના છોડનો પ્રશ્ન, વૈસ્યાયનનું ગોશાલક પ્રત્યે તેજોલેશ્યાનું મૂકવું, પ્રભુ મહાવીરનું શીતલેશ્યા મૂકી ગોશાલકને બચાવવું, તલના છોડની બીના સત્ય કરવી, ગોશાલકનું નિયતિવાદનું ગ્રહણ કરવું; ઈત્યાદિ અનેક ઘટના બન્યા બાદ ગોશાલક પ્રભુ મહાવીરથી જૂદો થયો. આ જૂદા થવાની ક્રિયા પ્રભુના ચારિત્ર કાલની ગણનાએ ૧૦મા વર્ષના ઉત્તર દલમાં થઇ હતી. હવે પરમાત્મા મહાવીરને જિન અને સર્વજ્ઞ થવાને લગભગ ત્રણ વર્ષ જેટલો કાળ બાકી રહ્યો કહી શકાય. આ દરમિયાન અલગ પડેલ ગોશાલકે અનુકૂલ સંયોગો પામી તેજોલેશ્યા સાધવી શરૂ કરી; જેમાં છ માસનો અવધિ જોઈએ છે. આ સાધ્યા બાદ શરીર પરથી તપના ઘા રૂઝાવી લોકના વિશેષ પરિચયમાં ઉતરવા લાગ્યો, એટલે કે પ્રભુ મહાવીરદેવથી પૃથક્ થયા પછી, તેજોલેશ્ય સાધી, લોકોના પરિચયમાં આવવા સુધીમાં ગોશાલકનો લગભગ ૧ વર્ષ જેટલો સમય પસાર થયો ગણી શકાય. આ ૧ વર્ષ બાદ કરતાં હવે ભગવાન્ મહાવીરને જિન અને સર્વજ્ઞ થવાને બે વર્ષ લગભગનો સમય બાકી રહ્યો છે. આ બે વર્ષની શરૂઆતમાં ગોશાલક પાસે તેજોલેશ્યા ભલે હોય પરંતુ જિન યા સર્વજ્ઞ તરીકે પ્રસિદ્ધ થવાની સામગ્રી તો હતી જ નહિ. માનવ ખાલી ખીસે જિન યા સર્વજ્ઞ કહેવરાવવા લલચાય, અથવા દુનિયા તેને માની લે યા લાંબા કાળ સુધી તે નભી શકે એ બનવું અસંભવિત છે. પરંતુ દુનિયાનાં શુભાશુભ નિમિત્તો કહે અને તે વાત સાચી પડે જાય, ત્યારે જ માનવ જિન યા સર્વજ્ઞ કહેવાવા લલચાય છે, અને દુનિયા પણ અમુક અંશે માને છે. આ શુભાશુભ નિમિત્તોનું યથાર્થ વક્તૃત્વ છદ્મસ્થોને માટે અષ્ટાંગ નિમિત્તાદિના અધ્યયનને આધીન છે. આ અધ્યયનના સાધન તરીકે, પૂર્વોમાંથી ઉદ્ધરીને અષ્ટાંગ નિમિત્તને રચનાર જે છ દિશાચરો

ગોશાલકને મળ્યા હતા તેમનો સહવાસ કહી શકાય. આ છ દિશાચરો ટીકાકાર ભગવન્તના અભિપ્રાય પ્રમાણે પ્રભુ મહાવીરના શિથિલ થયેલા શિષ્યો હતા. આ શિષ્યો પ્રભુના કૈવલ્ય પછીના હોવાથી સિદ્ધ થાય છે કે પ્રભુ મહાવીર પ્રથમ જિન અને સર્વજ્ઞ થયા હતા અને ગોશાલક પાછળથી જિન અને સર્વજ્ઞ કહેવરાવવા લલચાયો હતો. ચૂર્ણિકારના વ્યાખ્યાન પ્રમાણે આ છ દિશાચરોને પ્રભુ પાર્શ્વનાથના શિષ્ય તરીકે ગણીએ તો પણ અડચણ નથી, કારણકે પ્રભુ મહાવીરના કૈવલ્ય જીવનબાદ ઘણા કાળ સુધી પ્રભુ પાર્શ્વનાથના શિષ્યો હતા. કદાચ એમ કહેવામાં આવે કે ગોશાલકને તેજોલેશ્યા સિદ્ધ થયા બાદ થોડા સમયના અંતરે છ દિશાચરો મળ્યા હોય અને તેની પાસેથી તત્કાળ ગોશાલકે જાણી લીધું હોય તો પ્રથમ જિન કહેવરાવવા કેમ ન લલચાય? આના જવાબમાં જણાવવાનું જે આ ઘટના, ઉપર જણાવ્યા પ્રમાણે બે વર્ષના કાળની અંદરની છે. જિન અને સર્વજ્ઞ કહેવરાવવાની હુંફ આપનાર અષ્ટાંગ નિમિત્તનું અધ્યયન સાધારણ કોટીનું તો ન જ હોય. ઉચ્ચ કોટીનું અધ્યયન વિશેષકાલ માગે તે સ્વાભાવિક છે. તેમાં પણ ગોશાલક જેવા ચપલને તો ઘણો લાંબો કાલ જોઇએ તેમાં તો કહેવું જ શું? અર્થાત્ આ રીતે પણ ગોશાલક પ્રથમ જિન કહેવરાવા લલચાઇ શકે તેમ નથી, તથા ભગવતી સૂત્રમાં ગોશાલકે પોતાની જિન તરીકેની પ્રસિદ્ધિ કર્યાનું સ્થાન શ્રાવસ્તી નગરી જણાવી છે અને તે સમય ગોશાલકની પ્રવ્રજ્યાનું ચોવીશમું વર્ષ હતું અને ભગવાન મહાવીરને જિન અને સર્વજ્ઞ થયાનું તેરમા વર્ષની ઉપરનું દલ હતું. આની પૂર્વે જિન તરીકે ગોશાલકે પ્રસિદ્ધિ કર્યાનો કાળ અને સ્થાન જોવામાં આવતું નથી.

**સપ્તમ સારાંશનો જવાબ**—પ્રભુ મહાવીરના જિનપણામાં ગોશાલકને સંદેહ હતો નહિ, કારણે પ્રભુ મહાવીર જિન છે, એ વાત તેણે પોતે કબુલ કરી છે. ગોશાલક જિન છે કે નહિ તેવો સંદેહ ભગવાન્ મહાવીરને હતો જ નહિ. તેમને તો ગોશાળક જિન નથી એવો નિર્ણય જ હતો. વળી ગોશાલકે પણ પ્રાન્તે એ વાત કબુલ કરી છે. આ હકીકત ભગવતીનું ૧૫ મું શતક સ્પષ્ટ બતાવી આપે છે.

આગળ ચાલતાં લેખકે પરમાત્મા મહાવીરનો માંસાહાર સિદ્ધ કરવા શ્રી ભગવતી સૂત્રના પંદરમા શતકને સામે રાખી તેના સારરૂપે કેટલુંક લખાણ કરેલ છે. આ લખાણમાં કેટલાએ અગત્યના મુદ્દાઓ જતા કરવામાં આવ્યા છે અને કેટલાએક પોતાના ઘરના મૂકવામાં આવ્યા છે. હાલ એ બાબતમી ચર્ચા જતી કરી શ્રી ભગવતી સૂત્રનાં ૧૫ મા શતકમાં જે આવે છે, તેને અનુસરીને, કેટલુંક ઉપયોગી વર્ણન નીચે પ્રમાણે જણાવીએ છીએ—

શ્રાવસ્તી નગરીના ઇશાન કોણમાં કોષ્ટક નામનું ચૈત્ય હતું. આ નગરીમાં આજીવિક મતની ઉપાસિકા હાલાહાલા નામની કુંભારણ રહેતી હતી. એકદા મંખલિપુત્ર ગોશાલક, કે જેની પ્રવ્રજ્યાને ૨૪ વર્ષ થયાં છે તે, એ કુંભારણની **આપણ**માં (વિક્રેય દ્રવ્ય રાખવાની શાલામાં) આવીને ઉતર્યો, અને આજીવિક સમુદાય સહિત આજીવિક મતથી પોતાના આત્માને ભાવતો હતો.

પૂર્વે એકદા ગોશાલકની પાસે છ દિશાચરો આવ્યા હતા. જેનાં નામ–(૧) સાણ (૨) કંદલ (૩) કર્ણિકાર (૪) અછિદ્ર (૫) અગ્નિવૈશ્યાયન અને (૬) ગોમાયુપુત્ર અર્જુન,

એ રીતે હતાં. ટીકાકારની વ્યાખ્યા પ્રમાણે આ છ દિશાચારો શિથિલ થયેલા, ભગવાનના શિષ્ય હતા. અને ચૂર્ણિકારની વ્યાખ્યા પ્રમાણે પ્રભુ પાર્શ્વનાથના સંતાનીયા હતા. આ છ દિશાચરો પૂર્વાર્ણવમાંથી ઉદ્ધરીને અષ્ટાંગ નિમિત્ત, ગીત નિબંધ અને ગાન નિબંધને રચે છે, અને ચારિત્રપતિત હોવાથી શુદ્ધ સ્થાનના અભાવે ગોશાલકને આશરે રહેલ છે.

આ સ્થળમાં ગોશાલકે આ છ દિશાચરો પાસેથી અષ્ટાંગ નિમિત્તનો અભ્યાસ કર્યો હતો, એવો ઉલ્લેખ સ્પષ્ટ શબ્દોમાં નથી. છતાં પણ પૂર્વાપરના પાઠને આધારે આ અર્થ માનવો જ પડે છે. અત એવ કલ્પસુબોધિકા વગેરેમાં નીચે પ્રમાણે જણાવેલ છેઃ

**" त्यक्तव्रतश्रीपार्श्वनाथशिष्यात् अष्टांगनिमित्तं चाधीत्याहंकारेण सर्वज्ञोहमिति ख्यापयति स्म । "**

**અર્થ**--ચારિત્રપતિત પાર્શ્વનાથના શિષ્યની પાસેથી અષ્ટાંગ નિમિત્તને ભણીને અહંકારથી 'હું સર્વજ્ઞ છું' એવી પ્રસિદ્ધિ ગોશાલકે કરી હતી. સારાંશ એ આવ્યો કે આ છ દિશાચરો પાસેથી ગોશાલકે અષ્ટાંગનિમિત્તનો અભ્યાસ કર્યો હતો. હવે આ ગોશાલક અષ્ટાંગમહાનિમિત્તના, સામાન્ય માણસને અવિદિતસ્વરૂપવાળા નિર્દેશ માત્રથી, સર્વપ્રાણ ભૂત જીવ અને સત્ત્વ સમ્બન્ધી, અસત્ય ન ઠરાવી શકાય એવી, નિમિત્તના વિષયભૂત છ વસ્તુ જણાવે છે. તે છ આ પ્રમાણે છે. (૧) લાભ, (૨) અલાભ, (૩) સુખ, (૪) દુઃખ, (૫) જીવન અને (૬) મરણ. આથી ગોશાલક શ્રાવસ્તી નગરીમાં જિન નહિ છતાં, જિન તરીકે, અરિહંત નહિ છતાં અરિહંત તરીકે, કેવલી નહિ છતાં કેવલી તરીકે પોતાને ઓળખાવવા લાગ્યો. આ ઘટનાથી શ્રાવસ્તી નગરીમાં ભારે ચર્ચા ઉભી થઈ. જગો જગો પર લોકોનાં ટોળેટોળાં મળી વાતો કરવા લાગ્યાં કે હે ભાઇઓ, ગોશાલક પોતાની જાતને જિન તરીકે જણાવે છે તે કઇ રીતે માન્યું જાય ? આ અવસરે શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પધાર્યા. એકવાર શ્રી ગૌતમસ્વામી ગોચરી અર્થે નીકળ્યા ત્યારે જનસમૂહના મુખે તે જ વાત તેમણે સાંભળી. આથી તેમણે શ્રીમહાવીર પ્રભુ પાસે સકલ વૃત્તાન્ત નિવેદત કર્યું, અને પૂછ્યું કે ભગવાન, આ હકીકત કઇ રીતે બની ? હું ગોશાલકનું ચરિત્ર જન્મથી આરમ્ભીને સાંભળવા ચાહું છું. ત્યારે પ્રભુ મહાવીરે જણાવ્યું કે—હે ગૌતમ, ગોશાલક પોતાને જિન કહેવરાવે છે, પરંતુ તે હકીકત મિથ્યા છે. આ બાબતમાં હું નીચે પ્રમાણે જણાવું છું—

" મંખલિ નામનો એક મંખ–ચિત્રો બતાવી આજીવિકા ચલાવનાર ભિક્ષુ હતો. તેને ભદ્રા નામની ભાર્યા હતી. એકદા આ ભદ્રા ગર્ભવતી થઈ. આ મંખલિ મંખ ચિત્રફલકને હાથમાં લઇ ગામેગામ ચિત્ર બતાવી આજીવિકા ચલાવતો, ગર્ભિણી ભદ્રા સાથે સરવણ નામના સન્નિવેશમાં આવી પહોંચ્યો. ત્યાં ગોબહુલ નામના બ્રાહ્મણની ગૌશાલાના એક ભાગમાં પોતાની ચીજ વસ્તુ મૂકી, ગામમાં ભિક્ષાટન કરતો, રહેવાનું સ્થાન શોધવા ગયો. પરંતુ અન્યત્ર સ્થાન નહિ મળવાથી જ્યાં ચીજ વસ્તુ મૂકી હતી ત્યાંજ આવીને રહ્યો. આ અવસરે ગર્ભકાલ પૂર્ણ થવાથી ભદ્રાએ એક પુત્રને જન્મ આપ્યો. અને ગૌશાલામાં ઉત્પન્ન થયેલ હોવાથી તેનું નામ ગોશાલક રાખ્યું. આ ગોશાલકે પિતાના ધંધામાં પ્રવીણ અને ઉમર લાયક થતાં, તેજ ધંધો શરૂ રાખ્યો. હે ગૌતમ ! મેં ૩૦ વર્ષ ગૃહસ્થાવાસમાં પસાર કરી એક દેવદૂષ્યને લઇને પ્રવ્રજ્યા અંગીકાર કરી

હતી. હે ગૌતમ ! મારૂં પ્રથમ ચોમાસું અસ્થિક ગામની નિશ્રાએ થયું અને બીજું ચોમાસું કરવા હું રાજગૃહી નગરીના નાલંદાપરામાં આવેલ વણકરની વણાટશાલામાં આવ્યો હતો. આ અવસરે ઉપર જણાવેલ મંખલિપુત્ર ગોશાલક પણ ત્યાં આવ્યો અને ચીજ વસ્તુ બાજુમાં મૂકી ગામમાં ભિક્ષાટન કરતો જગ્યા શોધવા લાગ્યો. છેવટે જગ્યા નહિ મળવાથી અમે હતા ત્યાં જ આવીને રહ્યો. આ દરમિયાન હે ગૌતમ ! હું પ્રથમ માસ-ક્ષમણના પારણે ભિક્ષાર્થે વિજય નામના ગાથાપતિને ત્યાં ગયો. તેણે ઘણા જ આદરથી વહોરાવ્યું અને પંચ દિવ્ય પ્રગટ થયાં. લોકો વિજય ગાથાપતિની પ્રશંસા કરવા લાગ્યા. આ હકીકત ગોશાલકે જાણી અને જાતે જઈને પણ તપાસી. બાદમાં હે ગૌતમ ! મને આવીને કહ્યું કે-" હે ભગવાન્ ! આપ મારા ધર્મ ગુરૂ છો અને હું આપનો શિષ્ય છું." આ વાત મેં સ્વીકારી નહિ...યાવત્ ચોમાસું પૂર્ણ થયે હું કોલ્લાક સન્નિવેશમાં ગયો; પાછળ રહેલ ગોશાલકે મારી ઘણી શોધ કરી. છેવટે પોતાનાં લુગડાં, રાંધવાનાં ભાજનો અને ચિત્રફલક વગેરે લોકોને આપી, દાઢી મુછ મુંડાવી, મને આવીને મળ્યો. અને પ્રદક્ષિણા દઈ વંદન નમસ્કાર કરી કહેવા લાગ્યો કે " હે ભગવાન્, આપ મારા ધર્મા-ચાર્ય અને હું આપનો અંતેવાસી છું." હે ગૌતમ ! આ વાત મેં સ્વીકારી હતી. ત્યારબાદ મંખલિ પુત્ર ગોશાલકની સાથે પ્રણીત ભૂમિમાં ૬ ચોમાસાં પસાર કર્યાં હતાં.

[ સંક્ષિપ્ત વર્ણન હોવાથી, અને સ્થાન અનિયત હોવાથી એક ચોમાસું અને તદુપરાંત બે માસ વજ્રભૂમિમાં પસાર થઇ ગયા હતા. તેનો આ સ્થળમાં ઉલ્લેખ નથી છતાં પણ તે સમજી લેવાનાં છે. જુઓ કલ્પસુબોધિકા—

**" ततो वज्रभूम्यां बहव उपसर्गा इति कृत्वा नवमं वर्षारात्रं तत्र कृतवान्, चातुर्मासिकतपश्च, अपरमपि मासद्वयं तत्रैव विहृतवान्, वसत्य-भावाच्च नवमं वर्षारात्रमनियतमकार्षीत् "**

અર્થ—પ્રણીતભૂમિનાં ૭ ચોમાસાં બાદ કઠિન કર્મો ખપાવા લાયક ઉપસર્ગો વજ્રભૂમિમાં થશે, એમ સમજી પ્રભુ મહાવીરે નવમું ચોમાસું વજ્રભૂમિમાં કર્યું અને સાથોસાથ ચોમાસી તપ પણ કર્યો હતો. આ ચોમાસા ઉપરાંત પણ ભગવાન્ મહાવીર બે માસ ત્યાં જ વિચર્યા હતા. તથાવિધ સ્થાનના અભાવે નવમું ચોમાસું અનિયત થયું હતું. ]

હે ગૌતમ ! એકદા મંખલિ પુત્ર ગોશાલકની સાથે સિદ્ધાર્થ ગામથી કૂર્મગામ તરફ મેં વિહાર કર્યો. રસ્તામાં એક સ્થળે પત્રપુષ્પવાળો તલનો છોડ જોઇને ગોશાલકે મને પૂછ્યું કે આ તલનો છોડ નિષ્પન્ન થશે કે નહિ ? અને આ તિલ પુષ્પના સાત જીવો મરીને ક્યાં ઉત્પન્ન થશે ? આના જવાબમાં મેં જણાવ્યું જે નિષ્પન્ન થશે. અને તિલ પુષ્પના સાત જીવો મરીને આ જ તલના છોડની એક શિંગમાં સાત તલરૂપે ઉત્પન્ન થશે. આ વાતની ગોશાલકને શ્રદ્ધા ન થઇ અને મને ખોટો ઠરાવવા ધીરેથી પાછલ રહી તે તલના છોડને ઉખેડી એક બાજુ મૂકી દીધો. ત્યારબાદ આકાશમાં ઘનઘોર વાદળ ચડી આવ્યાં, વૃષ્ટિ થઇ, અને તે તલનો છોડ પાછો ભૂમિમાં જામી ગયો. અને મેં ઉપર જણાવ્યું તે પ્રમાણે તેની સ્થિતિ બની.

હે ગૌતમ ! એક વાર મંખલિપુત્ર ગોશાલકની સાથે મેં કુંડગામ તરફ વિહાર કર્યો. આ ગામની બહાર વૈશ્યાયન નામના બાલ તપસ્વીએ, મશ્કરી કરનાર ગોશાળા પર

તેજોલેશ્યા મૂકી, અને મેં શીતલેશ્યા મૂકી તેને બચાવ્યો. તથા ગોશાલકના પૂછવાથી તેમે તેજોલેશ્યાની વિધિ પણ જણાવી. હે ગૌતમ! એકદા મંખલિપુત્ર ગોશાલકની સાથે કૂર્મગ્રામથી સિદ્ધાર્થગામ તરફ મેં વિહાર કર્યો. રસ્તામાં પેલું તલના છોડવાળું સ્થાન આવ્યું. ગોશાલકે પૂર્વની વાતને તાજી કરી. યાવત્ તપાસ કરતાં મારા કહેવા પ્રમાણે નીકળ્યું. આ સમયે ગોશાલકે પરિવર્તવાદને સ્વીકાર્યો અને મારાથી જુદો પડયો. જુદા પડયા બાદ ગોશાલકે તેજોલેશ્યા સાધી. એકદા ગોશાલકને છ દિશાચરો મળ્યા...યાવત્ આ શ્રાવસ્તીમાં આવીને અજિન છતાં જિન કહેવરાવી રહ્યો છે, પરંતુ હે ગૌતમ! તે વાત મિથ્યા છે.

આ રીતે પરમાત્મા મહાવીરે ગૌતમ મહારાજને ગોશાલકનું જન્મથી આરંભી ચરિત્ર કહી સંભળાવ્યું. ગોશાલકનું આ ચરિત્ર નગરમાં ચર્ચાતાં, તે બીના ગોશાલકના કાને પર આવી. પ્રચણ્ડ કોપાનલે તેને ઘેરી લીધો. તે આતાપન ભૂમિથી હાલાહાલા કુંભારણને ત્યાં આવ્યો અને આજીવિક સમુદાય પણ ત્યાં એકત્રિત થયો. આ અવસરે ગોચરીને માટે નીકળેલા પ્રભુ મહાવીરના શિષ્ય આનન્દ નામના અણગાર, નજીકમાંથી ચાલ્યા જતા હતા. ગોશાલકે તેમને બોલાવી, ચાર વણિકનું દૃષ્ટાંત આપી ધમકી આપતાં કહ્યું કે, "હે આનન્દ! તારા ધર્માચાર્યને આ હકીકત જણાવ." આનંદ મુનિવરે શીઘ્ર આવીને પ્રભુ મહાવીરને સઘળું નિવેદિત કર્યું. અને પૂછ્યું કે ભગવન્! ગોશાલક તપતેજથી બાળવા સમર્થ છે? ત્યારે પ્રભુએ જણાવ્યું કે, "હે આનન્દ! ગોશાલક તપતેજથી બાળવા સમર્થ છે, પરંતુ તેનું સામર્થ્ય તીર્થંકર ભગવંતો પાસે ચાલી શકતું નથી, કારણકે તેઓ તેના કરતાં અનન્તગુણ વિશિષ્ટ તપવાળા હોય છે, અને ક્ષમાના ભંડાર હોય છે. હે આનન્દ, તમે જઇને ગૌતમાદિ મુનિવરોને ખબર આપો કે ગોશાલક શ્રમણ નિર્ગ્રંથ પ્રત્યે વિપરિણામવાળો થયો છે માટે કોઈએ તેની સાથે ચર્ચા કરવી નહિં. આનન્દ મુનિવરે જઇને કહ્યું. એટલામાં તો ગોશાલક પોતે જ આજીવિક સમુદાય સાથે પ્રભુ મહાવીર પાસે આવ્યો. અને પરમાત્મા મહાવીરને કહેવા લાગ્યો કે-હે આયુષ્મન્, કાસ્યપ, તમે મને તમારા શિષ્ય મંખલિપુત્ર ગોશાલક તરીકે જાહેર કર્યો,. તે બહુ સારૂં કર્યું છે. પરંતુ ધ્યાન રાખજો કે તમારો શિષ્ય જે ગોશાલક હતો તે તો મરીને દેવલોકમાં ઉત્પન્ન થયો છે, અને તેનું શરીર ઘણું સારૂં જાણી મેં તેમાં પ્રવેશ કર્યો છે, માટે હું તો અન્ય જ છું."

આ સાંભળી પરમાત્મા મહાવીરે કહ્યું:" હે ગોશાલક, જેમ કોઇ ચોર, પકડવા પાછળ પડેલા માણસોથી બચવા ગુપ્ત સ્થાન ગોતે, અને તે ન મળ્યે આંગળી યા તરખલું આડું રાખી પોતાને ઢંકાએલ માને તેવી સ્થિતિ તેં કરી છે. પરંતુ આમ કરવું તને ઉચિત નથી. તું તે જ ગોશાલક છો" આ સાંભળતાં જ ગોશાલકનો કોપાનલ ફાટી નીકળ્યો, અને અતિ તુચ્છ શબ્દોમાં ભગવાન્ મહાવીરનું અપમાન કરવા લાગ્યો. પ્રભુ મહાવીરનું ખોટી રીતે અપમાન થતું જાણી ભક્તિરસથી પ્રેરાઈ ક્રમશઃ સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર મુનિવરે કહ્યું કે-ભલા-ગોશાલક! જેની પાસેથી એક પણ ધાર્મિક વચન શિખ્યા હોઇએ તેનું કેટલું બહુમાન સાચવવું જોઇએ, તેને બદલે જે ભગવાન્ મહાવીરે તને દીક્ષા આપી છે, સુંદર શિખામણો આપી છે, યાવત્ બહુશ્રત કર્યો છે તેમને માટે આ

રીતે બોલવું તને ઉચિત નથી." બસ, આ સાંભળતાં જ અગ્નિમાં ઘી હોમાયું. એટલે કે ગોશાલકે તેજોલેશ્યા મૂકી, ક્રમશઃ તે બંનેને બાળી નાંખ્યા. ત્યારબાદ ફેર પ્રભુ મહાવીરે ગોશાલકને સમજાવ્યો, છતાં પણ નહિ સમજતાં ભગવાન્ મહાવીરના પર જ તેજોલેશ્યા મૂકી. આ તેજપુંજ પ્રભુ મહાવીરને પ્રદક્ષિણા દઈ પાછો ફરી ગોશાલકના જ શરીરને તપાવતો તેમાં પેસી ગયો. ત્યારબાદ ગોશાલકે પ્રભુ મહાવીરને કહ્યું કે હે કાસ્યપ ! તમે હવે છ માસમાં પિત્તજ્વરથી પીડાઇને મરશો. ત્યારે પ્રભુ મહાવીરે જણાવ્યું કે, "હે ગોશાલક ! છ માસમાં મરવાને બદલે હું તો બીજા ૧૬ વર્ષ જીવવાનો છું. પણ તું પોતે તારી જ તેજોલેશ્યાથી સાત દિવસમાં પિત્તજ્વરથી પીડાઇ, અજિન ભાવમાં જ મરણને શરણ થવાનો છે."

ત્યારબાદ પ્રભુ મહાવીરે મુનિઓને બોલાવીને કહ્યું કે, "હે આર્યો, જેમ તૃણરાશિ બળી ગયા બાદ નિસ્તેજ ને હતતેજ બની જાય તેમ, ગોશાલક પોતાની જ તેજોલેશ્યાથી નિસ્તેજ ને હતશક્તિક થયેલ છે. હવે તમે તેની પાસે જઇ તર્ક–દલીલ અને પ્રમાણ પૂર્વક ધર્મચર્ચા કરી તેને નિરૂત્તર કરો." આ સાંભળી મુનિવરો ગોશાલક પાસે ગયા અને ચર્ચા કરી. ગોશાલક જવાબ આપવા યા કંઈ પણ પ્રતિકૂલ કરવા સમર્થ થઈ શકયો નહીં, યાવત્ નિરૂત્તર બની ગયો. આ સ્થિતિ જોઇ કેટલાએ આજીવિક સાધુઓ ગોશાલકને છોડી પ્રભુ મહાવીર પાસે જઇ શિષ્ય બન્યા, અને કેટલાએક ગોશાલક સાથે જ રહ્યા. ગોશાલક જે કામ સાધવા આવ્યો હતો તે નહીં સધાવાથી તે લાંબી દૃષ્ટિ ફેંકે છે, ઊંડા દીર્ઘ શ્વાસો લે છે, દાઢીના વાળ તોડે છે, કુલા કુટે છે, હાથ ધ્રુજાવે છે અને જમીન પર પગ પછાડે છે, યાવત્ અરેરે હું હત થઈ ગયો, એમ જલ્પન કરતો કોષ્ટક ઉદ્યાનમાંથી નીકળી હાલાહાલા કુંભારણને ત્યાં આવ્યો છે.

હાલાહાલા કુંભારણના મુકામ પર આવ્યા બાદ ગોશાલક દાહ શમાવવા માટે આંબાની ગોટલી ચૂસે છે, મદ્યપાન કરી પુનઃ પુનઃ નાચે છે, ગાન કરે છે અને હાલાહાલા કુંભારણને નમસ્કાર કરે છે, અને માટીવાળા પાણીથી પોતાના શરીરને સીંચી રહ્યો છે. છેવટે સાતમી રાત્રિએ તેનાં કર્મદળો ઢીલાં થયાં, સમ્યગ્દર્શને તેના હૃદયમાં નિવાસ કર્યો. અને પોતાની ભૂલનો ખ્યાલ આવતાં નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યો—

"હું જિન નથી. હું તે જ મંખલિપુત્ર ગોશાલક છું. મેં શ્રવણહત્યા કરી, ધર્માચાર્યની ઘોર આશાતના કરી, હું અજિન ભાવમાં જ મરણને શરણ થવાનો છું. પરમાત્મા મહાવીર જિન છે, સર્વજ્ઞ છે યાવત્ કેવલી છે." આ વિચાર આવ્યા બાદ આજીવિક સાધુઓને બોલાવી ઉપરના વિચારો તેમને જણાવ્યા અને કહ્યું કે મારા મરણ બાદ મારા શબને ડાબા પગે દોરડું બાંધી ત્રણ વાર મોંઢા પર થૂંકી, શ્રાવસ્તી નગરીના ચૌટામાં આમતેમ ઘસડજો અને જાહેર ઉદ્ઘોષણા કરજો કે આ મંખલિપુત્ર ગોશાલક જ હતો. આ જિન હતો જ નહિ. આ શ્રમણઘાતી છે અને અજિન ભાવમાં જ મરણને શરણ થયેલ છે. તથા ભગવાન્ મહાવીર સાચા જિન છે. આ અન્તિમના વિચારો કહી ગોશાલકનો જીવ તે કલેવર છોડી પરલોકની મુસાફરીએ ચાલ્યો ગયો.

હવે પોતાના વડીલની આજ્ઞાનો લોપ ન થાય, અને આજીવિક સમ્પ્રદાયની લઘુતા પણ ન થાય, એ ઈરાદાથી આજીવિક સાધુઓએ મુકામનાં દ્વાર બંધ કરી, તેમાં

શ્રાવસ્તી નગરી ચીતરી અને ગોશાલકે જણાવ્યા પ્રમાણે કરી પાછા દ્વારા ખોલી નાખ્યાં. અને લોક સમક્ષ ધામધુમથી તેનો અવસાન મહોત્સવ ઉજવ્યો. પ્રભુ મહાવીર અન્યત્ર વિહાર કરી ગયા.

આ સમયે મેંઢિક નામનું ગામ હતું, તેના ઈશાન કોણમાં શાલકોષ્ઠક નામનું ઉદ્યાન હતું તેની સમીપે માલુકા નામનું વન હતું. તથા એ નગરીમાં રેવતી નામની ગાથાપત્ની રહેતી હતી. પરમાત્મા મહાવીર ગ્રામાનુગ્રામ વિહાર કરતા આ મેંઢિક ગામની બહારના શાલકોષ્ઠક ઉદ્યાનમાં સમોસર્યા. આ સમયે પરમાત્મા મહાવીરનું શરીર રોગથી ઘેરાયેલ હતું. પિત્તજ્વર ઊગ્ર રૂપમાં હતો અને દસ્તમાં લોહી પડતું હતું. પ્રભુની આ સ્થિતિ જાણી મિથ્યા દર્શનીઓ બોલી રહ્યા છે કે મહાવીરસ્વામી ગોશાલકે મૂકેલ તેજોલેશ્યાના તાપથી પિત્તજ્વરવાળા થયા છે. અને ગોશાલકના જણાવ્યા પ્રમાણે છ માસમાં જ છદ્મસ્થભાવે મરણને શરણ થશે. આ બીના, માલુકા વનની પાસે તપતપતા સિંહ નામના અણગારના જાણવામાં આવી, જેઓ પ્રભુ મહાવીરના અનન્ય રાગી આત્મકલ્યાણી શિષ્ય હતા. આથી સિંહ અણગારના મનમાં વિચાર આવ્યો કે આ રોગમાં પરમાત્મા જો દેહ છોડી દેશે તો મિથ્યાદર્શનીઓના મિથ્યા પ્રલાપો સત્ય ઠરશે. આ વિચારથી તેમણે દુઃખના આવેશમાં કરુણ વિલાપ શરૂ કર્યો. આ હકીકત જાણી પ્રભુ મહાવીરે મુનિઓ મોકલી સિંહ અણગારને બોલાવી લીધા અને કહ્યું કે હે સિંહ, હું ગોશાલકની તેજોલેશ્યાના આઘાતથી છ માસમાં મરવાનો નથી, પ્રત્યુત સાધિક ૧૬ વર્ષ પર્યંત જિન સ્વરૂપમાં જ વિચરીશ (છતાં પણ બાહ્ય દેખાતા વ્યાધિથી ગભરાતા હો તો તેને મટાડવા હું ઉપાય બતાવું છું) આ મેંઢિક ગામમાં રેવતી નામની ગાથાપત્ની રહે છે. તેણીએ મારા માટે '**दुवे कवोयसरीरा उवक्खडिया**' બે કોળાં (બે કોળાનો કોળાપાક) તૈયાર કર્યાં છે તેને નહિ લેતાં, ગઈ કાલે પોતાના માટે જે '**मज्जारकडए कुक्कुडमंसए**' બિરાલિકા ઔષધિથી સંસ્કારેલ બિજોરું (બિજોરાપાક) કરેલ છે, તેને લાવો. આ વાત સાંભળી સિંહ અણગારના આનન્દનો પાર ન રહ્યો. અને બિજોરાપાક લાવી પ્રભુને આપ્યો. પરમાત્મા મહાવીરે પણ બિલમાં સર્પ ઉતરી જાય તેમ રાગરહિતપણે શરીરરૂપ કોઠામાં તેને ઉતારી દીધો. આ બીજોરાપાક અંદર જતાં જ વ્યાધિ શાંત થઇ ગયો, અને દેવ દેવી, શ્રમણ શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા વર્ગમાં આનંદનો પાર રહ્યો નહિ.

આ ઉપર જણાવેલ હકીકત ભગવતી સૂત્રના પંદરમા શતકની છે. આમાં પ્રભુ મહાવીરે રેવતી નામની ગાથાપત્નીને ત્યાંથી શું લાવવું અને શું ન લાવવું તેના સંબંધમાં સિંહ અણગારને જણાવેલ હતું, તે વર્ણનના મૂલ પાઠ માંહેલા અમુક શબ્દોને આધારે લેખક પ્રભુ મહાવીરનો માંસાહાર સિદ્ધ કરવા માંગે છે.

આ બાબતમાં ખરું સ્વરૂપ શું છે, અને શું હોઈ શકે તેનો નિર્ણય કરવા વિવાદગ્રસ્ત શબ્દોવાળો પાઠ આપી પછી તેના પર વિચાર ચલાવીશું, મૂલપાઠ—

**"तं गच्छह णं तुमं सीहा! मेंढियगामं नगरं रेवतीए गाहवतिणीए गिहे, तत्थ णं रेवतीए गाहावतिणीए ममं अट्ठाए दुवे कवोयसरीरा उवक्खडिया, तेहिं नो अट्ठो, अत्थि से अन्ने पारियासिए मज्जारकडए कुक्कुडमंसए तमाहराहि, एएणं अट्ठो।"**

**સામાન્ય અર્થ**—પ્રભુ મહાવીર કહે છે કે–" હે સિંહ અણગાર, આ મેંઢિક ગામ નામના નગરમાં રેવતી નામની ગાથાપત્નીનું ઘર છે, ત્યાં તમે જાવ અને ત્યાં રેવતી ગાથાપત્નીએ મારા માટે જે "**दुवे कवोयसरीरा**" બે કોળાનો પાક બનાવેલ છે, તેની જરૂરત નથી, પરંતુ ગત દિને તેણીએ પોતાને માટે જે "**मज्जारकडए कुक्कुडमंसए**" વિરાલિકા નામની ઔષધિથી સંસ્કૃત કરેલ બિજોરાપાક કરેલ છે તેને લાવો, તેની જરૂરત છે. આ ઉપર જણાવેલ પાઠમાંના ઉપર લખેલ ત્રણ શબ્દયુગલો વિચારવાના છે. આ ત્રણ યુગલના છ શબ્દો નીચે પ્રમાણે છે—

| | मूल शब्द | संस्कृत शब्द |
|---|---|---|
| १ | कवोय | कपोत |
| २ | सरीर | शरीर |
| ३ | मज्जार | मार्जार |
| ४ | कडए | कृतक |
| ५ | कुक्कुड | कुक्कुट |
| ६ | मंसए | मांसक |

આ છ શબ્દોના શા શા અર્થ થાય છે તે આપણે ક્રમશઃ વિચારીએ, જેથી પ્રસ્તુતમાં કયો અર્થ લઈ શકાય તે સ્પષ્ટ સમજાય.

### ૧ कपोत શબ્દનો અર્થ

कपोत એટલે **पारावत**, જુઓ અમરકોશ **पारावतः कलरवः** कपोतः હવે **पारावत** અને **कपोत** પર્યાય શબ્દ થયા, ત્યારે **पारावत** શબ્દનો અર્થ જોઇએ. **पारावत** એક જાતની વનસ્પતિ–જુઓ સુશ્રુતસંહિતા **पारावतं समधुरं रुच्यमत्यग्निवातनुत्** ॥ લોકમાં પ્રાણીવાચક તરીકે પ્રસિદ્ધિ પામેલા શબ્દો પણ વૈદ્યક પ્રક્રિયામાં વનસ્પતિ અર્થમાં વપરાયેલા છે. અને તે પ્રાણીવાચક શબ્દોના પર્યાય શબ્દો પણ તે વનસ્પતિના વાચક તરીકે વપરાયા છે. જેમકે–**वानरी** અને **मर्कटी** આ બે પર્યાય શબ્દ છે તેનો અર્થ વાંદરી થાય છે. હવે વૈદ્યક પ્રક્રિયામાં **वानरी** શબ્દનો અર્થ જેમ **कौंचा** થાય છે તેમ તેનો પર્યાય જે **मर्कटी** શબ્દ તેનો અર્થ પણ **कौंचा** થાય છે. તેવી રીતે **काकाह्वा** અને **वायसी** એ પર્યાય શબ્દો છે. તેનો લોકપ્રસિદ્ધ અર્થ કાગડી થાય છે અને વૈદ્યક પ્રક્રિયામા પીલુડી અર્થ થાય છે. **धूर्त** અને **कितव** એ પર્યાય શબ્દો છે. લોકમાં તેનો અર્થ ધૂતારો થાય છે અને વૈદ્યક પ્રક્રિયામાં તેનો અર્થ ધતુરો થાય છે. તથા **कुमारी** અને **कन्या** એ પર્યાય શબ્દો છે તેનો લોકમાં અર્થ કુંવારી છોકરી થાય છે અને વૈદ્યક પ્રક્રિયામાં તેનો અર્થ કુંવારનું પાઠું થાય છે. આ હકીકત નિઘણ્ટુ વગેરે વૈદ્યક ગ્રંથ જોનાર કબુલ કર્યા વિના રહેશે જ નહિ, માટે **पारावत** અને **कपोत** પર્યાય શબ્દ હોવાથી અને પારાવતનો અર્થ વનસ્પતિ વિશેષ થતો હોવાથી કપોતનો અર્થ પણ વનસ્પતિ વિશેષ જાણવો.

**कपोत**—એટલે પારીશ નામનું વૃક્ષ અને પારીશ એટલે પ્લક્ષ કે જેને દાહ અને પિત્તને શાંત કરવા વૈદ્યક ગ્રંથે અતિ ઉપયોગી ગણેલ છે. આ ઉપર જણાવેલ પારીશ અને પ્લક્ષ અર્થ વૈદ્યક શબ્દસિંધુમાં સ્પષ્ટ જણાવેલ છે.

**कपोत**—એટલે કબૂતર પક્ષી

સારાંશમાં કપોત શબ્દના જે જુદા જુદા અર્થ થાય છે તેમાં ફક્ત એક અર્થમાં કબૂતર આવે છે.

આ સ્થલમાં પ્રાકૃત ભાષા હોવાથી પુંલિંગ અને હ્રસ્વપણું માની લઇએ તો મૂલમાં રહેલ **कवोय** શબ્દમાંથી **कापोती** શબ્દ પણ નીકળી શકે છે. કેટલાએક **कवोइ** એવો મૂલ પાઠ માનીને **कापोती** શબ્દ લાવે છે. ત્યારે હવે **कापोती** શબ્દનો અર્થ જાણવો રહ્યો.

**कापोती**—એટલે એક જાતની વનસ્પતિ, જેના બે ભેદ છે–શ્વેત કાપોતી અને કૃષ્ણ કાપોતી. તેમાં શ્વેત કાપોતીનો ઉપયોગ મૂલ અને પત્ર સહિત કરવાનું સુશ્રુત સંહિતામાં જણાવે છે. તથા કૃષ્ણ કાપોતીને દુધવાળી તથા શેરડીના જેવા રસવાળી જણાવી છે.

આ વાત પણ એક ભૂલવા જેવી નથી કે કોઈ પણ સંસ્કૃત કોશમાં દરેક દરેક શબ્દોના દરેક દરેક અર્થ તો મળી શકતા જ નથી. અમુક શબ્દોના અમુક અર્થો તો પરંપરા યા ટીકાકારના વચનથી જ જાણી શકાય છે. અથવા જ્યાં ઉપમાથી અર્થ ઘટાવવાનો હોય ત્યાં તો ટીકાકારનાં વચન સિવાય રસ્તો નથી. આટલા જ માટે તર્ક ગ્રંથમાં કયા શબ્દથી કયો અર્થ સમજવો તેના સાધન તરીકે ટીકાને જણાવી છે. ત્યારે ટીકાકાર મહારાજ વિશિષ્ટ અર્થ કયો બતાવે છે તેની નોંધ લઇએ.

**कपोत**—કબૂતરના જેવા ભૂરા વર્ણવાળું કોળું. લોકમાં પણ ઉપમાથી સદૃશ વસ્તુમાં વપરાતા શબ્દો જોવાય છે. જેવાકે–અમુક ક્ષત્રિય સિંહ છે. અહીંયા સિંહ શબ્દથી—સિંહના જેવો પરાક્રમવાળો છે, એમ અર્થ કરવામાં આવે છે. તેવી રીતે કપોત શબ્દથી પણ કપોતના જેવા વર્ણવાળું કોળું લેવું એમ ટીકાકાર મહારાજ જણાવે છે. પિત્તજ્વરના દાહને શમાવવા માટે વૈદ્યક પ્રક્રિયાને અનુસારે પણ આ અર્થ ઘણો સુંદર છે.

## ૨ शरीर શબ્દનો અર્થ

**शरीर**—એટલે **देह**, **काया** અથવા શરીર સદૃશ વસ્તુ. જેમ માનવોના દેહ શરીર કહેવાય છે, તેમ વનસ્પતિના જીવના વનસ્પતિરૂપ જે દેહ તે પણ શરીર કહેવાય છે. અત એવ જૈન ગ્રંથોમાં વનસ્પતિકાય, વનસ્પતિ શરીર વગેરે શબ્દો છુટથી વપરાય છે.

## ૩ मार्जार શબ્દનો અર્થ

**मार्जार**—એટલે **रक्तचित्रक**

**मार्जार**—બિલાડો.

**मार्जार**—એક જાતની વનસ્પતિ, જુઓ ભગવતી સૂત્ર શતક ૨૧નો પાઠ.

" **अब्भसहवोयाणहरितगतंडुलेज्जमतणवत्थुलचोरगमज्जारपोइचिल्लिया** " તથા પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદનો પાઠ "**वत्थुलपोरगमज्जारपोइवल्लीयपालक्का।**" આ બંને સ્થલમાં વનસ્પતિ અર્થ જ લેવાય છે. અને તે જ ઘટે છે.

**मार्जार**—એક જાતનો વાયુ, જુઓ ટીકાકારનાં વચનો "**मार्जारो वायुविशेषः**"

**मार्जार**—**विरालिका** નામની વનસ્પતિ. જુઓ ટીકાકાર મહારાજનાં વચનો–"**मार्जारो विरालिकाभिधानो वनस्पतिविशेषः**" આ વિરાલિકા જેને વૈદ્યક

ગ્રંથમાં બિલાડિકા કહેવામાં આવે છે તે સંભવે છે. તે બિલાડિકાનો અર્થ ભોંયકોળું થાય છે. જુઓ શબ્દાર્થચિન્તામણિ "**विडाली स्त्री भूमिकुष्मांडे।** તથા જુઓ વૈદ્યક શબ્દસિંધુ "**बिडालिका स्त्री भूमिकुष्मांडे.**"

**मार्जार—खट्वांश** જુઓ હૈમ અનેકાર્થ "**मार्जारः स्यात् खट्वांश-बिलाडयोः**"

## ૪ कृतक શબ્દનો અર્થ

**कृतक**-વિડ્લવણ, કૃત્રિમ, મિથ્યા કલ્પિત.

**कृतक—क** પ્રત્યય સ્વાર્થમાં હોવાથી અર્થાત્ **क**નો કોઈ અર્થ નહિ હોવાથી **कृत** શબ્દનો જે અર્થ તે આનો પણ સમજવો, **कृत** શબ્દનો એક અર્થ નીચે પ્રમાણે છે.

**कृत**—સંસ્કૃત, સંસ્કાર પમાડેલ, ભાવિત કરેલ. કૃત શબ્દનો અર્થ સંસ્કૃત કેવી રીતે થાય તેના પુરાવામાં આ યુક્તિ ધ્યાનમાં લેવી. **सम्** વગેરે શબ્દોને વ્યાકરણમાં ઉપસર્ગ તરીકે ઓળખાવ્યા છે. તથા ક્રિયા બોધક મૂલ શબ્દોને ધાતુ તરીકે ઓળખાવેલ છે. '**सम्**' ઉપસર્ગ પૂર્વક '**कृ**' ધાતુથી '**त**' પ્રત્યય આવીને **संस्कृत** શબ્દ બનેલ છે. અને કેવળ **कृ** ધાતુથી **त** પ્રત્યય આવીને **कृत** શબ્દ બનેલ છે. **संस्कृत** શબ્દમાં સંસ્કાર કરવા રૂપ અર્થ તે **कृ** ધાતુનો જ છે. કારણકે ઉપસર્ગો દ્યોતક હોવાથી તેનો સ્વતન્ત્ર અર્થ માનેલ નથી, પરંતુ ધાતુનો જ જે અર્થ તેને પ્રકાશમાં લાવે છે. અને તે ઉપસર્ગ ન પણ મૂકેલ હોય છતાં પણ તેની હાજરીવાળો અર્થ થઇ શકે છે. આટલા જ માટે આપ્ત વૈયાકરણો દ્યોતકની વ્યાખ્યા નીચે પ્રમાણે કરે છે—

**यं विना यदर्थस्य प्रतीतिर्भवति स द्योतकः।** એટલે કે જેની ગેરહાજરીમાં પોતાની હાજરીવાળો અર્થ થઇ શકતો હોય તે **द्योतक** કહેવાય છે.

દૃષ્ટાન્ત તરીકે **भू** ધાતુનો અર્થ ધાતુ પાઠમાં 'હોવું' એવો જણાવેલ છે. પરંતુ **सम्** ઉપસર્ગ સહિત રાખીએ ત્યારે ઉત્પન્ન થવું એવો થાય છે. આ **सम्** દ્યોતક હોવાથી કેવલ **भू** ધાતુનો અર્થ પણ ઉત્પન્ન થવું થઈ શકે છે. જેમ-**मृदो घटो भवति** માટીથી ઘડો ઉત્પન્ન થાય છે. આ યુક્તિથી કેવલ **कृ** ધાતુનો અર્થ પણ 'સંસ્કારવું' થઇ શકે છે. તેથી **कृत**નો અર્થ સંસ્કૃત થાય. આ જ અર્થને લગતો અર્થ ટીકાકાર મહારાજ જણાવે છે. '**कृतं भावितम्**' **कृत** એટલે ભાવના અપાયેલ, સંસ્કારેલ વસ્તુ. કેટલાએક ધાતુઓને અનેકાર્થ માનીને પણ આ અર્થ લાવે છે. કેવલ તે અર્થને સિદ્ધ કરનાર આસપાસના અનુકૂલ શબ્દો અને અનુકૂલ પ્રકરણ હોવું જોઇએ.

## ૫ कुक्कुट શબ્દનો અર્થ

**कुक्कुट**—કુકડી

**कुक्कुट**—વન કુકડો

**कुक्कुट**—ઘાસની ઉલ્કા

**कुक्कुट**—અગ્નિનો કણ

**कुक्कुट**—માતા નિષાદી અને બાપ શૂદ્ર હોય તેનાથી થયેલ વર્ણસંકર પ્રજા.

**कुक्कुट**—સુનિષણ્ણ નામનું શાક, જેનું અપર નામ સ્વતિક છે. જુઓ શાલિગ્રામ નિઘંટુભૂષણ.

सितिवार: सितिवरः स्वतिकः सुनिषण्णकः ।
श्रीवारकः सूचीपत्रः पर्णाकः कुक्कुटः शिखी ॥

આને ગુજરાતીમાં ચતુષ્પત્રી હરીતક કહેવામાં આવે છે. અને દાહજ્વરને સમાવવામાં અતિ ઉપયોગી છે.

कुक्कुट–શાલ્મલી વૃક્ષ. જુઓ વૈદ્યક શબ્દસિંધુ–"कुक्कुटः...शाल्मलिवृक्षे."

कुक्कुट–માતુલુંગ, બિજોરૂ.

આ અર્થ કઇ રીતે નીકળ્યો તે શંકા કરતાં પહેલાં એક વસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે આના મૂલ શબ્દો પ્રાકૃત ભાષાના અને તેમાં પણ આર્ષ પ્રયોગ હોવાથી નિયતલિંગ જ હોઈ શકે નહિ. આટલા માટે આગમટીકામાં અનેક સ્થલે "प्राकृतत्वाल्लिङ्गव्यत्ययः" કહી અન્ય લિંગમાં વપરાએલા જણાવ્યા છે. જુઓ ઉત્તરાધ્યયન બૃહદ્વૃત્તિ—

"लिंगं व्यभिचार्यपि" इति प्राकृतलक्षणात् सर्वत्र लिंगव्यत्ययः ।"

તથા બે શબ્દો મળી એક વસ્તુનું નામ થતું હોય, ત્યાં તે બે શબ્દમાંથી ગમે તે એક શબ્દ વાપરી શકાય છે. જેમ સત્યભામાને સ્થાનકે ભામા અને વિક્રમાદિત્યને સ્થાને વિક્રમ પણ બોલાય છે. આટલા માટે વ્યાકરણકારોને આવા સ્થલમાં ૧ શબ્દ ઉડાડી દેવા સૂત્ર પણ રચવું પડયું છે. જુઓ સિદ્ધહેમશબ્દાનુશાસન "नाम्न्युत्तरपदस्य च" હવે પ્રસ્તુતમાં લિંગ વ્યત્યય હોવાથી કુકકુટી શબ્દ લેવો અને ચાલ્યો ગયેલ ૧ શબ્દ જોડવાથી મધુકુકકુટી એવો શબ્દ નીકળ્યો. અને મધુકુકકુટીનો અર્થ માતુલુંગ, ભાષામાં જેને બિજોરૂં કહીએ છીએ તે અર્થ વૈદ્યકગ્રંથો સ્પષ્ટ બતાવી રહ્યા છે.

જુઓ વૈદ્યકશબ્દસિંધુ–"मधुकुक्कुटी–(टिका) स्त्री मातुलुंगवृक्षे ।"

આ માતુલુંગ કહેતા બિજોરૂ પિત્ત વગેરેને નાશ કરવામાં અત્યન્ત ઉપયોગી છે એમ વૈદ્યકગ્રંથો ખુલ્લા શબ્દોમાં કહી રહ્યા છે. આટલા જ માટે ટીકાકાર મહારાજા પણ બિજોરૂં અર્થ જણાવે છે. જુઓ તેમનાં વચનો "कुक्कुटमांसकं बीजपूरकम्"

## ૬ मांसक શબ્દનો અર્થ

मांसक શબ્દમાં क પ્રત્યય સ્વાર્થમાં હોવાથી માંસ શબ્દનો જે અર્થ તે માંસક શબ્દનો પણ સમજવો. માંસ શબ્દનો અર્થ નીચે પ્રમાણે છે—

मांस—લોકપ્રસિદ્ધ માંસ.

मांस—ફળનો વચલો ગલ. જુઓ વાગ્ભટ—

त्वक् तिक्तकटुका स्निग्धा मातलुंगस्य वातजित् ।
बृंहणं मधुरं मांसं वातपित्तहरं गुरु ॥

તથા જુઓ સુશ્રુતસંહિતા—

त्वक् तिक्ता दुर्जरा तस्य वातकृमिकफापहा ।
स्वादु शीतं गुरु स्निग्धं मांसं मारुतपित्तजित् ॥

તથા જુઓ જૈનાગમ પ્રજ્ઞાપના સૂત્ર—

" वेण्टं समंसकडाहं एयाइं हवंति एगजीवस्य "

આના પરની ટીકા પણ જુઓ—

" वृन्तं समंसकडाहंति समांसं सगिरं तथा कटाहं एतानि त्रीणि एकस्य जीवस्य भवन्ति एकजीवात्मकान्येतानि त्रीणि भवन्तीत्यर्थः ।

આ ઉપર જણાવેલ વાગ્ભટ તથા સુશ્રુતસંહિતાના પાઠમાં તથા જૈનાગમ પ્રજ્ઞાપના સૂત્રના પાઠમાં જે ' માંસ ' શબ્દ આપેલ છે તેનો અર્થ ફલનો ગલ સિવાય બીજો થઈ શકતો જ નથી, કારણ કે કેવલ વનસ્પતિનો જ અધિકાર છે. આ રીતે વૈદ્યક ગ્રંથમાં અનેક સ્થલે ફલના ગલ અર્થમાં માંસ શબ્દ વપરાયેલ છે. તેવી જ રીતે જૈનાગમમાં પણ આવે છે.

**मांस**—માંસ સદૃશ વસ્તુ, વૈદ્યક ગ્રંથમાં માંસફલા-રીંગણા, વગેરે સ્થલમાં માંસ શબ્દથી માંસ સદૃશ અર્થ લીધેલ છે. જુઓ શબ્દસ્તોમમહાનિધિ—

" मांसफला-स्त्री, मांसमिव कोमलं फलं यस्याः । वार्ताक्याम् । "

ઉપર્યુક્ત વિવાદ ગ્રસ્ત શબ્દોના અનેકવિધ અર્થો ઉપરથી વાચકવર્ગ સ્હેજે સમજી શકશે કે—આ શબ્દો વનસ્પતિ-આહારને અંગે ઘટી શકે છે, છતાં પણ લેખક આ શબ્દો માંસાહાર અર્થમાં જ પ્રસિદ્ધ છે એમ જણાવી અન્ય અર્થોનો ઇન્કાર કરે છે એટલું જ નહિ કિંતુ સત્ય સાહિત્યના અંગ ઉપર કુઠારાઘાત કરે છે.

વિવાદગ્રસ્ત શબ્દો વિવિધ અર્થવાળા છે એ વાતનું સપ્રમાણ નિરીક્ષણ અમો કરાવી ચૂકયા. આ ઉપરથી યુક્તિવાદને માનનાર તથા શબ્દોના અર્થ કરવાની પ્રણાલિકા અને તેના સાધનને જાણનાર વિવિધ અર્થનો ઇન્કાર તો નહિ જ કરી શકે. પરંતુ એક વિચાર અહીં ઉપસ્થિત થાય છે કે આ છ શબ્દોમાંથી વનસ્પત્યાહારને લગતો અર્થ જેમ નીકળી શકે છે તેમ માંસાહારને લગતો અર્થ પણ નીકળી શકે છે. તો બેમાંથી કયો અર્થ પ્રસ્તુતમાં લેવો અને કયો નહિ, અને તેમાં પણ પ્રમાણ શું? તથા છુટક છુટક અર્થ બેમાંથી ગમે તે વૃક્ષને લગતા લેવાય, પરંતુ સમગ્ર વાક્યાર્થ કોનો બાધિત અને કોનો અબાધિત છે?

આના જવાબમાં જણાવવાનું જ યુક્તિવાદને અગ્ર સ્થાન આપનાર તરીકે પંકાયેલ તર્કગ્રંથોમાં એ વાત નિર્ણીત થયેલ છે કે જ્યાં અનેક અર્થવાળા શબ્દો વપરાયા હોય ત્યાં કયો અર્થ લેવો અને કયો ન લેવો તેનો નિર્ણય કરાવનાર પ્રકરણાદિ છે. જેમ સૈન્ધવ શબ્દના બે અર્થ થાય છે અશ્વ અને લવણ. આ બે અર્થવાળો સૈન્ધવ શબ્દ વાપરીને કોઈએ કહ્યું કે **सैन्धवमानय** સૈન્ધવ લાવ, અહિં શ્રોતા વિચારે છે કે મારે અશ્વ લાવવો કે લવણ લાવવું. આ વિચાર આવતા જ તે પ્રકરણ જોશે. જો ભોજન પ્રકરણ હશે તો લવણ લાવશે અને યાત્રા પ્રકરણ હશે તો અશ્વ

લાવશે. પ્રસ્તુતમાં પણ વિચારગ્રસ્ત છ શબ્દો અનેકાર્થક હોવાથી કયો અર્થ લેવો તેનો નિર્ણય પ્રકરણાદિથી કરી શકાય. આ પ્રકરણમાં આ વસ્તુ વિચારવાની છે.

(૧) દેનાર કોણ? (૨) લેનાર કોણ? (૩) કોણે લેવા મોકલ્યા? (૪) શા માટે પ્રસ્તુત વસ્તુ લેવા મોકલ્યા?

**દેનાર કોણ?** એના જવાબમાં જણાવવાનું જે પ્રભુ મહાવીરના સમયની સંઘગણનામાં ૩૧૮૦૦૦ શ્રાવિકાવર્ગમધ્યે જે એનાં મુખ્ય અમર નામ છે તેમાંની એક રેવતી નામની પરમ શ્રાવિકા છે. જુઓ કલ્પસૂત્ર—

**"समणस्स भगवओ महावीरस्स सुलसारेवइपामुक्खाणं समणोवासियाणं तिन्नि सयसाहस्सीओ अट्ठारस सहस्सा उक्कोसिया समणोवासियाणं संपया हुत्था।"**

આ રેવતીએ તીર્થંકર નામકર્મ બાંધેલ છે, અને આવતી ચોવીશીમાં ૧૭ મા સમાધિ નામક તીર્થંકર થઇ મોક્ષમાં જશે. વળી સતીઓની નામાવળીમાં એનું નામ અગ્રસ્થાને મૂકવામાં આવ્યું છે. આ રેવતી ન તો પોતાને માટે માંસ બનાવે, યા ન તો બીજાને આપે. પરંતુ કોળાપાક તથા બિજોરાપાકનું કરવું અને આપવું તે જ રેવતી માટે ઉચિત છે. રેવતીએ આ દાનના પ્રભાવથી દેવાયુ બાંધી દેવપણું મેળવ્યું હતું એમ ભગવતીજીનું જ પંદરમું શતક બતાવે છે. આથી પણ રેવતી પોતાને યા પરને માટે માંસ કરી યા આપી શકે નહિ, કેમકે માંસાહાર નરકનું સાધન છે. જુઓ ઠાણાંગસૂત્ર–

**"चउहिं ठाणेहिं जीवा नेरइयत्ताए कम्मं पकरेंति तंजहा–महारंभयाए महापरिग्गहयाए पंचिंदियवहेण कुणिमाहारेणं।"**

આ પાઠમાં માંસાહાર કરનારને નરકાયુબંધ બતાવેલ છે, તથા ભગવતી સૂત્રમાં પણ નારકીના આયુષ્ય યોગ્ય કાર્મણ શરીર પ્રયોગબંધના કારણ તરીકે માંસાહારને જણાવેલ છે. ઔષધને માટે કરેલ પણ માંસાહાર નરકગમનનું કારણ બને છે જુઓ—

**भेसज्जं पि य मंसं देई अणुमन्नई य जो जस्स।**
**सो तस्स मग्गलग्गो वच्चइ नरयं न संदेहो॥**

ભાવાર્થ—ઔષધ તરીકે પણ જે માંસ આપે યા આપનારને સારો જાણે તે તેના પથનો પ્રવાસી હોવાથી મરીને નરકમાં જાય છે, આ વાતમાં જરા પણ સંદેહ નથી.

તથા રેવતીએ શુદ્ધ વસ્તુ દાનમાં આપી તેથી દેવાયુ બાંધ્યું એમ ભગવતીસૂત્રનું પન્નરમું શતક જણાવે છે. અને માંસ એ શુદ્ધ વસ્તુ હોઈ શકતી નથી. તેને મહા અશુચિ તરીકે વર્ણવેલ છે. જુઓ—

**दुग्गंधं बीभत्थं इंदियमलसंभवं असुइयं च।**
**खइएण नरयपडणं विवज्जणिज्जं अओ मंसं॥**

આ ગાથામાં માંસને દુર્ગન્ધમય, બીભત્સ અને અશુચિમય પ્રતિપાદન કરેલ છે.

આવી અશુચિમય માંસ જેવી વસ્તુ શુદ્ધ દ્રવ્ય હોઇ શકે નહિ અને ભગવતીસૂત્ર શુદ્ધ વસ્તુ દાનમાં આપી હતી તેમ જણાવે છે માટે માંસ લઈ શકાય નહિ. તથા રેવતીએ કઈ રીતે દાન આપ્યું તેના સંબંધમાં ભગવતીજીનું ૧૫મું શતક જણાવે છે કે ' **पत्तगं मोयंति ' पात्रकं मुंचति** પ્રથમ ભાજનને છોડે છે, અર્થાત્ સીકેથી નીચે ઉતારે છે અને પછી દાન આપે છે. તો આવી આહાર તરીકેની નહિ પરંતુ વિશિષ્ટ કોળાપાક યા બિજોરાપાક જેવી વસ્તુ હોવી જોઇએ.

**લેનાર કોણ ?** આના જવાબમાં જણાવવાનું જે સિંહ નામના અણગાર હતા, જેઓ મહા તપસ્વી હતા, નિર્જલ છઠને પારણે છઠ કરી માલુકા વનની પાસે ઉંચા ભાગમાં ઊર્ધ્વબાહુ કરી સૂર્યની આતાપના લેતા હતા. જ્યારે સામાન્ય મુનિને પણ માંસવાળા સ્થળમાં ગોચરી જવાનો નિષેધ છે તો પછી આવા પવિત્ર અણગાર માંસવાળા ઘેર જાણી બુઝીને ગોચરી જાય અને તે લાવે એ વસ્તુ બિલકુલ સંભવિત નથી, કિન્તુ બિજોરાપાક માટે ગયેલ એમ માનવું પડશે. માંસવાળા સ્થળમાં સાધુને ગોચરી માટે જવાનો નિષેધ કરનાર જુઓ આચારાંગ સૂત્રનો પાઠ—

**" से भिक्खू वा० जाव समाणे से जं पुण जाणेज्जा मंसाइयं वा मच्छाइयं वा मंसखलं वा मच्छखलं वा नो अभिसंधारिज्ज गमणाए । "**

લેખક એક સ્થળમાં જણાવે છે કે મહાહિંસાવાળા યજ્ઞ સ્થાનમાં જૈન સાધુ ગોચરી જતા હતા, પરંતુ તેમને ઉપરનો પાઠ જોવાની જરૂર છે, તથા ઉત્તરાધ્યયનનો પાઠ પણ બરાબર વિચારશે તો સમજી શકશે કે તે સ્થળમાં માંસ હતું એવો ઉલ્લેખ નથી. નામમાત્રથી નહિ ચમકતાં શું ધ્યેય હતું અને માર્ગ શું છે તે વિચારવાની જરૂર છે.

**કોણે લેવા મોકલ્યા ?** આના જવાબમાં જણાવવાનું જે અહિંસાનો ગગન-વ્યાપી નાદ કરનાર પ્રભુ મહાવીરે મોકલ્યા હતા, કે જેના જીવનના પ્રત્યેક પ્રસંગને અગણ્ય માનવીઓ આદર્શરૂપે તલસી તલસીને નિહાળતા હતા. અત એવ એકદા સૂર્યના પ્રચણ્ડ કિરણોના તાપથી નિર્જીવ થયેલ જલાશય અને તલ હોવા છતાં તેમજ દાતા પણ દેવા તૈયાર હોવા છતાં અને પોતાની સાથેનો મુનિગણ પણ ક્ષુધિત અને તૃષિત હતો છતાં પણ પ્રભુ મહાવીરે તે લેવાનો નિષેધ કર્યો હતો. વળી જે પ્રભુ મહાવીર અનેક નિરવદ્ય ઔષધના જ્ઞાતા હતા, અલૌકિક શક્તિના દિવ્ય ખજાના હતા એ માંસ જેવી હિંસક વસ્તુ લેવા મોકલી શકે જ નહિ. પરંતુ બિજોરા પાકને માટે મોકલ્યા હતા. યદ્યપિ આ વ્યાધિ મટાડવાની પરમાત્મામાં અનેક આત્મલબ્ધિ હતી, છતાં પણ વીતરાગ ભાવમાં લબ્ધિનો ઉપયોગ નહિ થતો હોવાથી બિજોરાપાકને ઉપયોગી ગણ્યો હતો.

**શા માટે પ્રસ્તુત વસ્તુ લેવા મોકલ્યા ?** આના જવાબમાં જણાવવાનું જે રુધિરપાત, દાહ અને પિત્તજ્વરને શમાવવા માટે અર્થાત્ તેના ઔષધ તરીકે વસ્તુ લેવા મોકલ્યા હતા. હવે ઉપર જણાવેલ વ્યાધિના ઔષધ તરીકે કઇ વસ્તુ કામમાં આવે તે વિચારવાનું રહ્યું. માંસ ઉષ્ણ પ્રકૃતિવાળી વસ્તુ હોવાથી તે તો કામ આવી શકે જ

નહિ, કારણ કે પ્રસ્તુત રોગમાં દાહ શમાવી શીતતા આપનાર વસ્તુની જરૂરત છે. માંસની ઉષ્ણતા માટે જુઓ વૈદ્યકવચનો—

"स्निग्धं उष्णं गुरु रक्तपित्तजनक वातहरं च"

"सर्वं मांस वातविध्वंसि वृष्यं..."

આ વ્યાધિના ઔષધ તરીકે કોળાપાક તથા બિજોરાપાક કામ આવી શકે, જુઓ વૈદ્યકગ્રંથ કયદેવ નિઘંટુ—

कूष्माण्डं शीतलं वृष्यं स्वादु पाकरसं गुरु।
हृद्यं रूक्षं रसस्यन्दि श्लेष्मलं वातपित्तजित्॥
कूष्माण्डशाकं गुरुसन्निपातज्वरामशोकानिलदाहहारि॥

આ શ્લોકમાં કોળાને શીતલ અને પિત્તહરણ કરનાર તથા તેના શાકને જ્વર તથા દાહને શાંત કરનાર તરીકે વર્ણવેલ છે. તથા જુઓ સુશ્રુતસંહિતા—

श्वासकासारुचिहरं तृष्णाघ्नं कण्ठशोधनम्।
लघ्वम्लं दीपनं हृद्यं मातुलुंगमुदाहृतम्॥
त्वक् तिक्त दुर्जरा तस्य वातकृमिकफापहा।
स्वादु शीतं गुरु स्निग्धं मांसं मारुतपित्तजित्॥

ભાવાર્થ—શ્વાસ, ખાંસી અને અરુચિને હઠાવનાર, તૃષા મટાડનાર, કંઠને સાફ રાખનાર, લઘુ, ખટાશવાળું, જઠરાગ્નિને તેજ કરનાર અને હૃદયને અનુકૂળ એવા પ્રકારનું બિજોરું છે. આ બિજોરાની છાલ વાત, કરમિયા અને કફનો નાશ કરનારી છે. તથા આ બીજારાનું માંસ–વચલો ગલ સ્વાદિષ્ટ શીતળ ગુરુ સ્નિગ્ધ અને વાત–પિત્તને હરણ કરનાર છે. આ શ્લોકમાં સુશ્રુતે **માંસ** શબ્દ ફળના ગલ માટે વાપરેલ છે, અને તેને શીતલ તથા પિત્ત હરનાર જણાવેલ છે.

લેખક આગળ ચાલતાં એક સ્થલે આ વૈદ્યિક પ્રક્રિયાની ઘુંચવણથી ગભરાતાં જણાવે છે કે–આ વ્યાધિ અલૌકિક છે, અને તેનો ઈલાજ પણ અલૌકિક છે. માટે વૈદ્યકગ્રંથનો વિચાર કરવો તે નકામો છે. ખરેખર આ બીના લેખકની નબળાઈ સૂચવે છે, તથા તે યુક્તિવાદ આગળ ટકી શકતી પણ નથી.

આ વ્યાધિને માટે જો અલૌકિક જ ઇલાજ અભિપ્રેત હતો તો રેવતીને ત્યાંથી લૌકિક વસ્તુ શા માટે મંગાવી અને તેનાથી વ્યાધિ પણ કેમ શાંત થયો ?

ગોશાલકને પણ આ જાતનો પિત્તજ્વર હતો અને તેને શમાવવા તેણે આંબાની ગોટલી ચૂસી હતી તથા માટોડીવાળું પાણી શરીરે છાંટયું હતું એમ ભગવતી સૂત્ર સ્પષ્ટ પ્રતિપાદન કરે છે, આ વાત પણ કઇ રીતે ઘટી શકે ? તથા લેખકને પૂછવામાં આવે છે કે અલૌકિક વ્યાધિનો અર્થ શો ? લોકમાં ન દેખાય તેનું નામ અલૌકિક કહેતા હો તો તે વ્યાજબી નથી, કારણ કે આ વ્યાધિ લોકમાં દેખાય છે. કદાચ એમ

કહેવામાં આવે કે જેનું કારણ અલૌકિક હોય તે કાર્ય પણ અલૌકિક કહેવાય, અર્થાત્ કારણમાં રહેલ જે અલૌકિકત્વ તેનો કાર્યમાં ઉપચાર કરીશું. તો આ પણ વ્યાજબી નથી, કારણ કે આનું કારણ તેજોલેશ્યાસમ્બન્ધી તેજ:પુંજ છે અને આ પુંજ લોકો દેખી શકે છે માટે અલૌકિક નથી. આ પુંજ જનતા દેખી શકે છે તેને માટે ઉત્તરાધ્યયનસૂત્રના ચિત્રસંભૂતિ અધ્યયનની વૃત્તિ જોઇ લેવી. કદાચ એમ કહેવામાં આવે કે આ તેજ:પુંજ પણ તપોજન્ય વિશિષ્ટ શક્તિથી જ ઉપયોગમાં લઇ શકાય છે અને આ વિશિષ્ટ શક્તિ અલૌકિક છે માટે તેજ:પુંજ પણ અલૌકિક અને આ તેજ:પુંજના સંસર્ગથી થયેલ પિત્તજ્વર તે પણ અલૌકિક છે. આ વાત પણ વ્યાજબી નથી. કારણ કે આમ માનવામાં સારાંશ એ આવ્યો કે પોતાના કારણનું પણ કારણ અલૌકિક હોય તો પોતે અલૌકિક કહેવાય છે. અને તેમાં વૈદ્યક પ્રક્રિયા કામ આવી શકતી નથી. આ સારાંશ કોઇ પણ રીતે ઘટી શકે તેમ નથી. જેમ કોઇ માણસે પાપકર્મના ઉદયે કુપથ્ય સેવ્યું અને તાવ આવ્યો. આ સ્થલમાં તાવનું કારણ કુપથ્ય અને તેનું કારણ પાપકર્મ, આ પાપકર્મ અલૌકિક હોવાથી આ તાવ પણ અલૌકિક ઠરશે, અને અલૌકિક માનવા જતાં વૈદ્યક પ્રક્રિયાથી ફાયદો ન થવો જોઇએ અને થતો દેખીએ છીએ. ઉપર જણાવેલ પ્રકરણના પરિચયથી પાઠકગણ સમજી શકશે કે વિવાદગ્રસ્ત શબ્દોનો કોળાપાક અને બિજોરાપાક અર્થ કરવો ઉચિત છે.

કદાચ કોઈ આગ્રહવશ બની માંસાહારને લગતો જ અર્થ લેવા લલચાય તો તે યુક્ત નથી, કારણ કે તેમાં દરેક શબ્દની સાર્થકતા થઈ શકતી નથી અને વાક્યાર્થ બાધિત છે. જુઓ કપોતનો અર્થ કબૂતર લેવામાં આવે તો શરીર શબ્દ નકામો પડે છે, કારણ કે બે કબૂતર તૈયાર કરેલ છે, એ વાત જણાવવાની છે. શરીર શબ્દ સાથે જોડાયેલ હોવાથી બે કબુતરનાં શરીર તયાર કર્યાં છે એ અર્થ થાય, અને શરીરમાં તો પિંછાં ચાંચ પગ વગેરેનો પણ સમાવેશ થાય છે, અને તેનો ઉપયોગ હોઈ શકતો નથી. વનસ્પતિને લગતો અર્થ લેવામાં કોઈ પણ શબ્દ નકામો પડતો નથી તેમજ વાક્યાર્થ પણ અબાધિત રહે છે, કારણ કે કબૂતરના શરીર જેવા વર્ણવાળાં બે કોળાં તૈયાર કરેલ છે, એવો અર્થ લેવાય છે. તથા કુકકુટમાંસ શબ્દનો કુકડાનું માંસ એવો અર્થ લઈએ તો માર્જારકૃત જે વિશેષણ છે તેનો સંબંધ ઘટી શકતો નથી. કારણ કે માર્જારકૃતનો સીધો અર્થ તો એ નીકળે છે કે બિલાડે બનાવેલું, અને કુકડાનું માંસ કોઈ બિલાડે બનાવેલ નથી, પરંતુ કુકડાના જીવે જ શરીર બાંધતા સાથોસાથ બનાવેલ છે. કદાચ એમ કહેવામાં આવે કે માર્જારકૃત–એટલે બિલાડે મારેલું તો પણ ઘટી શકતું નથી. કારણ કે કુકડાના માંસને કાંઇ મરવાનું હોઈ શકતું નથી, કિન્તુ કુકડાને મારવાનું હોય છે. કદાચ એમ કહેવામાં આવે કે માર્જારકૃતનો અર્થ બિલાડે મારેલ એવો જે થાય છે, તેનો સંબંધ કુકકુડમાંસમાં નહિ કરતાં એક વિભાગ જે કુકકુડ તેમાં કરીશું. ત્યારે અર્થ એવો થશે કે બિલાડે મારેલ જે કુકડો તેનું માંસ. આ વાત પણ વ્યાજબી નથી, કારણ કે વિશેષણનો વિશેષ્યના એક દેશમાં સંબંધ થઈ શકતો નથી. જેમ "વિનયયુક્ત રાજપુત્ર" આ સ્થળમાં વિનયુક્ત એ વિશેષણ છે તેનો સમ્બધ રાજપુત્રમાં થતો હોવાથી રાજપુત્ર વિનયવન્ત છે, એવો અર્થ

આબાલગોપાલ પ્રસિદ્ધ છે. પરંતુ વિનયયુક્ત વિશેષણ, એક ભાગ જે રાજ શબ્દ તેની સાથે જોડાતું નથી. કદાચ જોડવામાં આવે તો વિનયવન્ત જે રાજા તેનો પુત્ર એવો અનર્થ થઇ જાય. આટલા માટે તાર્કિકપ્રકાંડ ગદાધર ભટ્ટાચાર્યે વ્યુત્પતિવાદમાં નિયમ મૂકેલ છે કે "**पदार्थः पदार्थेनान्वेति न तु पदार्थैकदेशेन**"

એક વસ્તુ એ પણ વિચારવા જેવી છે કે કુકુડો એ ગૃહસ્થના ઘરનું પોપટ જેવું પંખી યા ઉંદર જેવું જન્તુ નથી, પરંતુ શૂદ્ર અને હિંસક લોકોના ઘરનું પંખી છે. રેવતી જેવી શ્રીમન્ત ગાથાપત્નીને ત્યાં કુકડાનું હોવું તે જ પ્રથમ અસંભવિત છે. આ કુકડો શૂદ્ર હિંસક લોકોને ઘેર હોય, ત્યાં પણ જે બિલાડે કુકડાને માર્યો હોય તેણે પોતાને ખાવા માટે મારેલ હોય તો પછી કેમ છોડી દે. કદાચ તે ઘરધણીએ બિલાડી પાસેથી ઝુંટાવી લીધેલ હોય તો તે પણ બીજાને કેમ આપી દે. વળી બિલાડીની એઠી વસ્તુ શૂદ્ર લોકો પણ ન ખાય તો બિલાડે ચુંથેલ, ખાધેલ વસ્તુ રેવતી જેવી ધર્માત્મા શ્રીમન્ત ગાથાપત્નીને ત્યાં તો સંભવે જ શાની? આ બધી વિચારણા કરતાં જણાશે કે માંસાહારને લગતો અર્થ કોઇ પણ સ્થિતિમાં વ્યાજબી નથી, કિન્તુ વનસ્પત્યાહારને લગતો જ અર્થ લેવો ઉચિત છે. વનસ્પતિ અર્થમાં સીધેસીધું ઘટી જાય છે, કારણકે, તેમાં વિરાલિકા નામની ઔષધિથી ભાવના અપાયેલ બિજોરાપાક એવો અર્થ લેવામાં આવે છે.

કદાચ એમ પણ કહેવામાં આવે કે આવા બબ્બે અર્થવાળા શબ્દો મૂકી સંદેહજનક રચના કેમ કરી? આના જવાબમાં જણાવવાનું જે પ્રત્યેક જિનાગમ ચાર અનુયોગમય હોવાથી ઓછામાં ઓછા ચાર અર્થ તો તેમાંથી કાઢવાના હોય છે. આ ચાર અર્થ કાઢવા માટે અમુક અર્થમાં વિશેષ પ્રસિદ્ધિ પામેલા શબ્દોને પણ ઓછી પ્રસિદ્ધિવાળો બીજો અર્થ જણાવવા વાપરવા પડે છે. આ વાત સાહિત્યવેત્તાઓ સારી રીતે સમજી શકે તેવી છે. આવા મુદ્દાઓથી આગમ સાહિત્ય ગીતાર્થ ગુરૂની જ જવાબદારીમાં રાખવામાં આવેલ છે. જુઓ–"**गुरुमइ अहीणा सव्वे सुत्तत्था** સર્વ સૂત્ર અને અર્થો ગુરૂમહારાજની મતિને આધીન છે. ગીતાર્થ ગુરૂની નિશ્રા સિવાય શાસ્ત્રવિરૂદ્ધ સ્વતંત્ર વાંચનારને વિવિધ શંકા, કૂતર્ક અને અનર્થમાં ઉતરવું પડે છે.

આગળ ચાલતાં લેખકે આચારાંગ સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાંથી સારરૂપ ૧૭ કલમો ટાંકી છે. આ બીજા શ્રુતસ્કંધમાં માંસવાળાને ત્યાં સાધુ ગોચરી ન જાય એ વાત આવે છે, છતાં લેખકે તેને સંભારી પણ નથી. કારણકે પોતાને માંસાહાર સિદ્ધ કરવો છે તે ઉડી જાય. તથા આ કલમોમાં પણ ઘણું વિચિત્ર લખાણ કરેલ છે. પરંતુ લેખનું કદ ઘણું વધી ગયેલ હોવાથી હાલ તે બધી ચર્ચામાં નહિ ઉતરતાં, ૧૩મી અને ૧૭મી કલમ કે જેનાથી લેખક જૈન મુનિઓનો માંસાહાર સિદ્ધ કરવાની આશા રાખે છે, તેનો જવાબ આપવો ઉચિત સમજાય છે. જો કે આ બે કલમોનો પણ જવાબ અનેક રીતે આપી શકાય છે, છતાં તે બધું જતું કરી, એક સમયે આ બે કલમના મૂળ પાઠ પરથી માંસાહાર માનનાર પ્રો. હર્મન યકોબીએ, સ્ખલના માલુમ પડતા માંસાહાર નહિ પણ વનસ્પત્યાહારને લગતા આ પાઠો છે, એમ જાહેર કરેલ છે, તે જ પ્રો. હર્મન યકોબીના ૧ પત્રનો અનુવાદ અહિં દાખલ કરીએ છીએ—

"લગભગ ઈ. સ. ૧૯૦૦માં આચારાંગ સૂત્ર (શ્રુ. ૨, અ-૧, ઉ-૧૦.) ને લગતી આ ચર્ચા ઉત્પન્ન થઇ. મંસ અને મચ્છનો મુખ્યાર્થ માંસ અને મત્સ્ય થતો હોવાથી એ અર્થ મેં ઇ. સ. ૧૮૮૪માં કરેલા મારા અનુવાદમાં સૂચવ્યો હતો. પરંતુ જૈનોએ આ સામે વાંધો ઉઠાવ્યો અને તેમણે પૌર્વાત્ય પવિત્ર પુસ્તકોના સંપાદક પ્રો. મેકસમુલરનું ધ્યાન તે તરફ ખેંચ્યું. આથી મારો અનુવાદ વ્યાજબી હતો એ દર્શાવવા મેં એમ સૂચવ્યું હતું કે અત્યારે માંસાહારનો જેવો તીવ્ર નિષેધ કરાય છે તેવો પ્રાચીન સમયમાં મોટે ભાગે હતો નહિં. પરંતુ મારી આ સૂચના જૈનોને માન્ય થઈ શકી નહિ. વિશેષમાં શ્રીયુત ખીમજી હીરજી કયાનીએ મુંબઈમાં ચાતુર્માસાર્થે રહેલા જૈન મુનિવરનું નિવેદન મને પત્રદ્વારા જણાવ્યું. તેમાં તેમણે લખ્યું કે સાધુ કે સાધ્વીએ ભિક્ષાર્થે એવાં ફળો ન લેવાં કે જેમાં મોટે ભાગે છાલ જેવું હોય, અને કદાચ પ્રમાદવશાત્ એવાં ફળો લેવાઇ જાય તો જે ભાગ ન ખાઈ શકાય તેવો હોય તે ભૂમિમાં પરઠવી દેવો જોઇએ.

"હું ઈ. સ. ૧૯૧૩-૧૪માં હિંદુસ્તાનમાં આવ્યો ત્યારે ઘણે સ્થળેથી મને આ પ્રમાણે કહેવામાં આવ્યું હતું. આ બધાનો પૂર્ણ વિચાર કરી એ સંબંધમાં આચારાંગ સૂત્રના ભાષાંતરની દ્વિતીય આવૃત્તિ તૈયાર થતાં તેમાં ઉલ્લેખ કરવા મેં વચન આપ્યું હતું પરંતુ ત્યારબાદ મેં આ ચર્ચામાં ભાગ લીધો નથી કે તેમના કથન સામે વાંધો ઉઠાવ્યો નથી. આજે ફરી આ પ્રશ્ન હું હાથ ધરૂં છું. ચુસ્ત જૈનો તરફથી મંસ અને મચ્છના સૂચવાયેલા અર્થની સાબીતી માટે તેમના તરફથી સંસ્કૃત સાહિત્યમાંથી કે કોશ-માંથી કશું પ્રમાણ રજુ કરાયું નથી.[1] જો કે એ વાત સાચી છે કે મત્સ્યફલા અને માંસફલા એ નામની અમુક વનસ્પતિઓ છે, પરંતુ મત્સ્ય અને માંસ એ નામોની એ પ્રકારે નોંધ જોવામાં આવતી નથી.[2] જો આ બે શબ્દોનો અર્થ ઉપર્યુક્ત વનસ્પતિ કરીએ તો તે અંહીં બંધ બેસતો થતો નથી. (કારણકે) મંસ અને મચ્છ શબ્દો પિણ્ડૈષણ અધ્યયનમાં પણ નજરે પડે છે, પરંતુ ત્યાં તો તેનો અર્થ માંસ અને માછલું થાય છે. પરોણા માટે કે માંદા માણસને માટે તૈયાર કરવામાં આવતા ભોજન સાથે આનો સંબંધ છે. આ પાઠમાં '**भज्जिज्जमाण**' શબ્દ હોવાથી મંસ અને મચ્છનો અર્થ ફલનો ગર્ભ થઈ શકે તેમ નથી,[3] એ વાત સ્પષ્ટ થાય છે. જેણે આ ભોજન તૈયાર કર્યું છે તે ગૃહસ્થ જૈન જ હોય એમ નથી. તેથી આ માંસ રાંધવાની વાત સાંભળીને અચંબો પામવા જેવું કશું નથી.

---

૧. 'પરિહાર્યમીમાંસા' નામની પુસ્તિકા જે સંવત્ ૧૯૫૫માં બહાર પડેલ છે તે તેમને મળેલ નહિ હોય, આમાં કોશ વગેરેનાં પ્રમાણો અપાયાં છે.

૨. મંસ અને મત્સ્ય શબ્દ ઉપરથી માંસફલા અને મત્સ્યફલા વનસ્પતિ લઇ શકાય છે. કારણકે ૧ શબ્દને બાદ કરીને મૂળમાં શબ્દો મૂકવામાં આવ્યા છે. આ વાત અમો પ્રથમ બતાવી આવ્યા છીએ.

૩. દુધીપાક, કોળાપાક, બિજોરાપાક વગેરે સ્થળમાં દુધી, કોળા અને બિજોરાની મુખ્યતા હોવાથી આખી વસ્તુ પણ તે નામથી બોલાય તે રીતે છ ફલના ગર્ભની મુખ્યતા-વાળી વસ્તુ લેવાય તો '**भज्जिज्जमाण**' શબ્દનો અર્થ ઘટી જાય છે.

"આ ઉપરથી જોવાશે કે શબ્દ વ્યુત્પત્તિશાસ્ત્રના નિયમ મુજબ આચારાંગ સૂત્રના વિવાદગ્રસ્ત પાઠમાંના મંસ અને મચ્છ શબ્દોના અર્થો 'માંસ' અને 'મત્સ્ય'જ છે. આ માંસાહારના નિષેધની સાથે આ અર્થની સંગતિ કરવી બાકી રહે છે. કદાચ એમ માની લઇએ કે ઐતિહાસિક સમયમાં માંસાહારનો જેટલે અંશે નિષેધ કરાયો છે તેટલે અંશે એનો નિષેધ પ્રાચીન સમયમાં નહિ હોય, તો પણ એમ તો આપણે માની શકીએ તેમ નથી કે કોઇ પણ કાળે જૈન સાધુ એમ સ્પષ્ટપણે કહે કે હું માંસ અને મત્સ્ય લેવા તૈયાર છું. જો આપણે વિવાદગ્રસ્ત પાઠનો અક્ષરશઃ અર્થ કરીએ તો આપણે આ નહિ માનવા જેવી વાત પણ સ્વીકારવી પડશે. આવી પરિસ્થિતિમાં હું પતંજલિકૃત મહાભાષ્ય[૪] અને ન્યાયસૂત્રના ઉપરની વાચસ્પતિકૃત તાત્પર્ય મીમાંસાના[૫] આધારે નીચે મુજબ તાગ કાઢી શકું છું—

"પતંજલિ તેમજ એમના પછી ઓછામાં ઓછા ૯૦૦ વર્ષે થયેલા વાચસ્પતિએ, જેમાંનો મોટો ભાગ ત્યાજ્ય હોય એની સાથે નાન્તરીયકત્વ ભાવ ધારણ કરનારા પદાર્થ તરીકે મત્સ્યનું ઉદાહરણ આપ્યું છે. કેમકે મત્સ્ય એવી વસ્તુ છે કે જેનું માંસ ખાઇ શકાય છે, પરંતુ એના કાંટા વગેરે ખાઈ શકાતા નથી.

આચારાંગના વિવાદગ્રસ્ત પાઠમાં આ ઉદાહરણરૂપ પ્રયોગનો ઉપયોગ કરાયેલ છે. એટલે કે મંસ અને મચ્છનો અત્ર આલંકારિક અર્થ કરવાનો છે. આ પાઠનું નિરીક્ષણ કરતાં અહીં આ અર્થ કરવો વિશેષ અનુકૂલ જણાય છે, કેમકે બહુ અસ્થિવાળું માંસ તમે લેશો એમ ગૃહસ્થ સાધુને પૂછે છે ત્યારે તેઓ એમ કહે છે કે બહુ અસ્થિવાળું માંસ લેવું મને કલ્પે નહિ. હવે જો ગૃહસ્થે ખરેખર માંસ આપવા માંડયું હોત તો સાધુ એમ જ કહેત કે એ મને નહિ જોઈએ, કેમકે હું માંસાહારી નથી, પરંતુ આમ ન કહેતાં તેઓ એમ કહે છે કે બહુ અસ્થિમય માંસ મને ખપે નહિ, જો તમારે મને આપવું હોય તો મને બને એટલે અંશે પુગ્ગલ આપો, પરંતુ અસ્થિ નહિ. અહીં એ વાત તરફ ખાસ ધ્યાન ખેંચવું ઉચિત સમજાય છે કે ગૃહસ્થે આપવા માંડેલ વસ્તુનો નિષેધ કરતાં સાધુ પ્રચલિત ઉદાહરણરૂપ થઈ પડેલ બહુ કંટકમય માંસનો પ્રયોગ કરે છે ખરા, પરંતુ તેઓ ભિક્ષા તરીકે શું ગ્રહણ કરી શકે તે સૂચવતી વેળા આ આલંકારિક પ્રયોગ ન કરતા વસ્તુવાચક પુગ્ગલ શબ્દનો પ્રયોગ કરે છે. આમ ભિન્ન શબ્દ વાપરવાનું કારણ એ છે કે પ્રથમ પ્રયોગ આલંકારિક છે અને તે ગેરસમજ ઉત્પન્ન કરે તેવો છે એમ તેઓ જાણે છે.

"આથી વિવાદગ્રસ્ત પાઠનો અર્થ હું એ કરું છું કે જે પદાર્થોનો થોડોક ભાગ

---

૪. कश्चित् मांसार्थी मत्स्यान् सशकलान् सकण्टकान् आहरति नान्तरीयकत्वात् स यावदादेयं तावदादाय शकलकण्टकानि उत्सृजति।

૫. तस्मान्मांसार्थीव कण्टकान् उद्धृत्य मांसमश्नन्नानर्थं कण्टकजन्यमाप्नोतीत्येवं प्रेक्षावान् दुःखमुद्धृत्येन्द्रियादिसातं सुखं भोक्ष्यते।

ખાઈ શકાય અને ઘણો ભાગ તજી દેવો પડે એવો હોય તે પદાર્થ ભિક્ષા તરીકે સાધુએ ગ્રહણ કરવો નહિ. આ જ હકીકત આ દશમા ઉદ્દેશકના પૂર્વના પાઠોને પણ લાગુ પડે છે. વિશેષમાં 'મંસ' અને 'મચ્છ'વાળા પાઠની પૂર્વેના પાઠમાં શેરડીના ભાગોનો નિર્દેશ છે.

"એથી હું ન ભૂલતો હોઉં તો એ મંસ અને મચ્છવાળા પાઠથી શેરડીના જેવા અન્ય પદાર્થોનું સૂચન કરાયેલું છે."

આ પ્રમાણે પ્રો. હર્મન યકોબીના પત્રનો સારાંશ છે.

પ્રો. યકોબી એક વખત કયા વિચાર પર હતા, છતાં પણ અન્યાન્ય ગ્રંથનું અવલોકન કરતા પોતાના પૂર્વના વિચારો અસમીચીન જણાતા તેથી ખસી જૈનો માંસાહાર ન કરે તે વિચાર પર આવ્યા છે. પ્રસ્તુત લેખક પણ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરી શુદ્ધ સનાતન વિચાર પર આવે એ મુદ્દાથી ઉપરના કાગલનો અનુવાદ આપ્યો છે.

લેખક એક સ્થળમાં જણાવે છે કે— "પશુને બદલે વનસ્પતિ ખાઓ તો હિંસક મટીને અહિંસક બન્યા એમ તો ન જ કહી શકાય. માત્ર હિંસાના પદાર્થમાં ફેર પડ્યો. **પણ હિંસા તો સરખી જ રહી."**

લેખકના આ વિચારો જૈનદર્શન યા યુક્તિવાદ માન્ય રાખી શકે તેમ છે જ નહિ.

આ વિચારો હસ્તિતાપસની માન્યતાને અમુક અંશે મળતા કહી શકાય. તેની પણ એ માન્યતા હતી કે ધાન્યમાં અને પશુમાં સરખી હિંસા હોવાથી અનેક ધાન્યના જીવને મારવા એના કરતાં એક હસ્તીને મારીને ખાવામાં ઓછી હિંસા છે. આ હસ્તિતાપસને આર્દ્રકુમારે યુક્તિવાદથી પ્રતિબોધી માર્ગ પર આણ્યા હતા. આ વાત જૈન સાહિત્ય દીવા જેવી બતાવી રહ્યું છે. વનસ્પતિના બીજની હિંસા અને પાછળની સ્થિતિ ક્યાં? અને માંસાહારમાં પંચેન્દ્રિયની હત્યા અને જીવ ગયા બાદ તે માસમાં અગણ્ય જીવોની ઉત્પત્તિ ક્યાં? જૈનેતરની દૃષ્ટિએ લેખક જણાવવા માંગતા હોય તો તે પણ માન્ય થઈ શકે તેમ નથી.

અહિંસાવાદને માનનાર કોઇ પણ જૈનેતર એમ કહેવા તૈયાર નહિ જ હોય કે ૧ ઘંઉના દાણામાં અને ૧ હસ્તિની હિંસામાં સરખી જ હિંસા હોય. આ સ્થિતિ છતાં માંસાહારને સિદ્ધ કરવાની ધૂનમાં લેખકે ફાવ્યું તેમ લખી નાખેલ છે.

શાસનદેવ તેમને સદ્બુદ્ધિ સમર્પો એ ભાવનાપૂર્વક આ લેખને હાલ સમાપ્ત કરવામાં આવે છે. અસ્તુ !

યંત્ર પર જતાં

# 'પ્રસ્થાન' સાથેનો વધુ પત્રવ્યવહાર

[ આ અંક વખતસર તૈયાર ન થઈ શકવાથી, એ વિલંબ દરમ્યાન 'પ્રસ્થાન'ના વ્યવસ્થાપક સાથે જે વધુ પત્રવ્યવહાર થયો તે અમે અહીં આપીએ છીએ. વ્યવસ્થાપક ]

('પ્રસ્થાન'ના વ્યવસ્થાપક તરફથી સમિતને મળેલો પત્ર)

**શ્રી. રતિલાલ દી. દેસાઈ**

શ્રી. જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ, અમદાવાદ.

**રા. ભાઇશ્રી,**

આપનો સદ્ભાવભર્યો પત્ર મળ્યો તે બદલ આભારી છું.

આપે જે હકીકત લખી છે તે જરૂર વિચારણીય છે. કૃપા કરી એ લેખ આપ ફરીથી આવનાર ભાઇ સાથે મોકલી આપશોજી. વિચાર કરી એ વિશે ઘટતું કરીશું. એ જ, આભારી છું.

લિ૦ આપનો,

**ર. કે. મીસ્રી** વ્ય.

[ નોંધ—'પ્રસ્થાન'ના વ્યવસ્થાપકનો ઉપરનો પત્ર પ્રગટ કરતાં અમને આનંદ થાય છે. તેમના લખવા મુજબ અમે પૂ. મુનિમહારાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજનો લેખ તેમને મોકલ્યો છે અને તેની સાથે નીચે મુજબ પત્ર લખ્યો છે. ]

અમદાવાદ: તા. ૨૧-૨-૩૯

**માનનીય વ્યવસ્થાપક 'પ્રસ્થાન', અમદાવાદ.**

**ભાઇશ્રી,**

આપનો તા. ૧૪-૨-૩૯નો પત્ર, આપના માણુસે ગઇ કાલે અમારા શેઠના માણુસને સોંપેલો, મને આજરોજ મળ્યો છે. ધન્યવાદ!

પૂ. મુનિમહારાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજનો લેખ અમારા માસિકના ફેબ્રુઆરીના અંકમાં પ્રગટ થશે. આપના લખવા મુજબ એ લેખ આપને આ સાથે મોકલું છું. અમારા માસિકના અને 'પ્રસ્થાન'ના વાચકો તદ્દન જુદા જુદા છે, અને આ ચર્ચા 'પ્રસ્થાન'માં શરૂ થઈ છે, તેમજ આ લેખનો જવાબ પણ આપ 'પ્રસ્થાન'માં પ્રગટ કરવાના છો, એ દૃષ્ટિએ આ લેખ 'પ્રસ્થાન'માં છપાય એ ખૂબ ઇષ્ટ અને જરૂરી ગણાય.

આશા છે કે આ વખતે આ લેખ માટે સાચેસાચું 'ઘટતું કરી' આભારી કરશો.

લેખની પહોંચ આપશોજી. એ જ. લિ૦ આપનો

**રતિલાલ દીપચંદ દેસાઈ**

વ્યવસ્થાપક.

('પ્રસ્થાન'ના વ્યવસ્થાપક તરફથી મળેલ લેખની પહોંચ)

અમદાવાદ ૨૧-૨-૩૯

**રા. ભાઇશ્રી દેસાઇ,**

લેખ મળ્યો છે. ઘટતું કરીશ. એ જ.

આપનો

**ર. કે. મીસ્રી**